## ગમે તે સમયે વૃક્ષ ધરાશાયી થવાની સ્થિતિમાં હોય અકસ્માતનો સતત ભય

# અમરેલીનાં ધારી માર્ગ ઉપર પડવા વાંકે ઉભેલ વૃક્ષને બચાવો

**નેશનલ હાઈવે હસ્તક માર્ગ હોવાથી તે વિભાગનાં અધિકારીઓ અકસ્માત થાય તે પહેલા કાર્યવાહી કરે**

**દિવસ–રાત હજારોની સંખ્યામાં નાના મોટા વાહનો પસાર થતાં હોય છે**

**વૃક્ષનું વૈજ્ઞાનિક રીતે પરીક્ષણ કરી હટાવવુ પડે તો હટાવો પણ જોખમ ઘટાડો**

**જિલ્લા કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખ પ્રો. અર્જુન સોસાએ વૃક્ષની સમસ્યા વર્ણવી**






અમરેલી, તા. ૨૧

અમરેલીનાં ધારી માર્ગ ઉપર "અમર ડેરી" નજીક એક વર્ષો જુનું વૃક્ષ જર્જરિત બની ગયું હોય માર્ગ પરથી પસાર થતાં વાહનોમાં વૃક્ષ ધરાશાયી થવાની દહેશત જોવા મળી રહી છે. આ અંગે જિલ્લા કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખ અર્જુન સોસાએ યોગ્ય કરવા માંગ કરી છે.

તેઓએ જણાવ્યું હતું કે, વર્ષો જુના વિરાટ વૃક્ષની ડાળીઓ સુકાઈ ગઈ છે. વૃક્ષનું થડ મજબુત છે પરંતુ, વૃક્ષ માર્ગની એકદમ નજીક હોવાથી વૃક્ષની ડાળીઓ અથવા તો સમગ્ર વૃક્ષ ધરાશાયી થાય તેવો ભય પસાર થતાં તમામ વાહનચાલકોમાં ઉભો થઈ રહ્યો છે.

વધુમાં જણાવ્યું કે, નેશનલ હાઈવે અને વન વિભાગે વૃક્ષનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરીને જો વૃક્ષનું થડ મજબુત હોય તો બચાવીને વૃક્ષની સુકાયેલી ડાળીઓ દૂર કરવી જોઈએ તેવી માંગ અંતમાં કરેલ છે.

---

### અત્યાચાર પીડિત પરિવારને ન્યાય આપવાની માંગ સાથે

## અમરેલીમાં જિલ્લા કલેકટર કચેરી સામે ૨૭ મેથી ઉપવાસ આંદોલન કરવાની ચીમકી

**છેલ્લા ૯ વર્ષથી ન્યાય ન મળતો હોવાનો આક્ષેપ**

અમરેલી, તા. ૨૧

અમરેલી શહેરમાં વર્ષ ૨૦૧૮ દરમિયાન અનુસૂચિત જાતિના યુવાન સ્વ.મહેશભાઈ રતિલાલ ઝાલાની થયેલી નિર્મમ હત્યા બાદ તેમના આશ્રિત પરિવારને કાયદાકીય પુન:વસન હેઠળ મળવાપાત્ર ખેતીની જમીન હજુ સુધી ફાળવવામાં આવી નથી. આ મુદ્દે પીડિત પરિવારે જિલ્લા કલેકટર, અમરેલીને લેખિત રજૂઆત કરી તાત્કાલિક ન્યાયની માંગ ઉઠાવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે ગુના રજીસ્ટર નં. ૧૨૮/૨૦૧૮ હેઠળ આઈપીસી કલમ ૩૦૭, ૩૦૨, ૧૧૪ તથા એસ.સી/એસ.ટી. એટ્રોસિટી એકટ હેઠળ ગંભીર ગુનો નોંધાયો હતો. પીડિત પરિવારનું કહેવું છે કે એટ્રોસિટી એકટ અને અનુસૂચિત જાતિ–જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો મુજબ તેમને ખેતીની જમીન, રહેણાંક પ્લોટ અને રોજગારી જેવી પુનઃવસન સહાય મળવી કાનૂની ફરજ હોવા છતાં છેલ્લા નવ વર્ષથી ફાઈલ માત્ર કચેરીઓ વચ્ચે ફેરવાઈ રહી છે.

પરિવારે આક્ષેપ કર્યો છે કે નાયબ નિયામક (અનુસૂચિત જાતિ કલ્યાણ), મામલતદાર, નાયબ કલેકટર તથા મહેસૂલ વિભાગ વચ્ચે જવાબદારી ટાળવાની વૃત્તિના કારણે આજે પણ જમીન ફાળવણીની કાર્યવાહી અટવાઈ છે. પરિવારના જણાવ્યા અનુસાર મૃતકના દિવ્યાંગ પિતા રતિલાલ રામજીભાઈ ઝાલાનું પણ ન્યાયની રાહ જોતા અવસાન થયું હતું.

હાલમાં તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પણ ફાઈલ અમરેલી કલેકટર કચેરી ખાતે પેન્ડિંગ હોવાનું જણાવવામાં આવ્યું છે. પીડિત પરિવારે જિલ્લા કલેકટરને માનવતાવાદી અભિગમ અપનાવી તાત્કાલિક જમીન ફાળવણીનો હુકમ કરવા અપીલ કરી છે.

પરિવારે ચેતવણી આપી છે કે જો આગામી એક અઠવાડિયામાં હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો તા. ૨૭/૫/૨૦૨૬થી જિલ્લા કલેકટર કચેરી, અમરેલી સામે પ્રતીક ઉપવાસ અને સત્યાગ્રહ આંદોલન શરૂ કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી વહીવટી તંત્રની રહેશે.

આ રજૂઆતની નકલો રાષ્ટ્રપતિ, વડાપ્રધાન,રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ, મુખ્યમંત્રી, રાજયપાલ, સામાજિક ન્યાય વિભાગ તથા મહેસૂલ વિભાગ સહિતના ઉચ્ચ અધિકારીઓને પણ મોકલવામાં આવી છે.

---

## અમરેલી બાર એસોસીએશન દ્વાર બદલી પામેલ જજશ્રીઓનો વિદાય સમારોહ યોજાયો




અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લા બાર એસોસિએશન દ્વારા બદલી પામેલા જજ સાહેબોને વિદાય આપેલ જેમાં સેશન્સ જજ ડી.એસ. શ્રીવાસ્તવની પાલનપુર ખાતે બદલી થતા તથા judicial મેજિસ્ટ્રેટ કે.બી. પરમારની અરવલ્લી ખાતે બદલી થતા બાર એસોસિએશન સ્નેહ પૂર્ણ વિદાય આપેલ.

---

### સાવરકુંડલા નજીક આવેલ

## થોરડી–ઘનશ્યામનગર માર્ગ ઉપર બિન અધિકૃત લાકડાનો જથ્થો ઝડપાયો

**મિતિયાળા વન વિભાગે ટ્રક ઝડપી લીધો**

અમરેલી, તા. ૨૧

સાવરકુંડલા રેન્જનાં મિતિયાળા રાઉન્ડ હેઠળની નાનુડી બીટ વિસ્તારમાં વન વિભાગે ગેરકાયદે લીલા લાકડાનાં પરિવહન સામે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં મળેલ બાતમીનાં આધારે થોરડી–ઘનશ્યામનગર રોડ પરથી પાસ–પરમીટ વગર પસાર થતી લીલા લાકડાથી ભરેલી ટ્રક ઝડપી પાડવામાં આવી હતી.



પ્રાપ્ત માહિતી મુજબ સાવરકુંડલા રેન્જનાં મિતિયાળા રાઉન્ડ સ્ટાફને બાતમી મળી હતી કે થોરડી રેવેન્યુ વિસ્તારમાંથી એક ટ્રકમાં ગેરકાયદેસર રીતે લીલા લાકડાનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. જેના આધારે વનવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને થોરડી–ધનશ્યામનગર રોડ પર વાહન નંબર જીજે–૨૩–એટી–૯૨૫૬ને અટકાવી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ટ્રકમાં મોટી માત્રામાં લીલા લાકડાનો જથ્થો ભરેલો મળી આવ્યો હતો. પરંતુ સંબંધિત લાકડાનાં પરિવહન માટે જરૂરી પાસ–પરમીટ રજૂ કરવામાં ન આવતા વાહન તથા જથ્થો કબ્જે લેવામાં આવ્યો હતો. વન વિભાગે કાર્યવાહી દરમિયાન ખાંભા તાલુકાનાં ડેડાણ ગામે રહેતા સલીમભાઈ બચુભાઈ ગોરીને ઝડપી પાડી તેમની સામે વન કાયદા મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉપરાંત એડવાન્સ રિકવરી પેટે રૂા. ૨૦,૦૦૦ની રકમ પણ વસુલ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

વન વિભાગ દ્વારા ગેરકાયદે લાકડાનાં પરિવહન અને જંગલ સંપત્તિનાં નુકસાન સામે સતત ચેકિંગ અને પેટ્રોલિંગની કામગીરી હાથ ધરવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

---

### કોંગ્રેસ સમિતિના આગેવાનો અને કાર્યકરોએ

## સાવરકુંડલા ખાતે પુર્વ પ્રધાનમંત્રી સ્વ. રાજીવ ગાંધીની પૂણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાસુમન અર્પણ કરાયા

**કોંગીજનોએ સ્વ. રાજીવ ગાંધીના ચિંધ્યા માર્ગે ચાલવાનો સંકલ્પ લીધો**

અમરેલી, તા. ૨૧

ભારતના પૂર્વ વડાપ્રધાન અને આધુનિક ભારતના શિલ્પી સ્વ.રાજીવ ગાંધીજીની પુણ્યતિથિ નિમિત્તે રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠન સૌરાષ્ટ્ર ઝોન અને અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શત શત નમન કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



આ પ્રસંગે રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠન સૌરાષ્ટ્ર ઝોનના અધ્યક્ષ ''દાનુભાઈ ખુમાણ'' જણાવ્યું હતું કે, ''સ્વ.રાજીવ ગાંધીજી એવા દુરંદેશી નેતા હતા જેમણે આધુનિક, ટેકનોલોજી આધારિત અને યુવા શક્તિથી સમૃદ્ધ ભારતનું સ્વપ્ન જોયું હતું. માત્ર ૪૦ વર્ષની નાની વયે દેશના સૌથી યુવા વડાપ્રધાન બની તેમણે ભારતને ૨૧મી સદી તરફ આગળ વધારવાનો મજબૂત પાયો નાખ્યો હતો.

તેમણે વધુમાં ઉમેર્યું કે, દેશમાં ડિજિટલ અને ટેલિકોમ ક્રાંતિ લાવવાનો શ્રેય રાજીવ ગાંધીજીને જાય છે. તેમના કમ્પ્યુટરાઈઝેશન અને ટેલિકોમ ક્ષેત્રના ઐતિહાસિક નિર્ણયોને કારણે જ આજે દેશ 'ડિજિટલ ઈન્ડિયા' અને મોબાઈલ યુગનો લાભ લઈ રહ્યો છે. યુવાનો પર અતૂટ વિશ્વાસ રાખીને તેમણે મતદાનની ઉંમર ૨૧ વર્ષથી ઘટાડીને ૧૮ વર્ષ કરી, જેથી રાષ્ટ્ર નિર્માણમાં યુવા સક્રિયતા વધે. ગ્રામીણ સ્તરે શિક્ષણને વેગ આપવા તેમણે જવાહર નવોદય વિદ્યાલયની સ્થાપના કરી અને સત્તાનું વિકેન્દ્રીકરણ કરવા પંચાયતી રાજ વ્યવસ્થાને મજબૂત બનાવી લોકશાહીને છેવાડાના માણસ સુધી પહોંચાડી. ૨૧ મે ૧૯૯૧ના રોજ આતંકવાદી હુમલામાં તેમણે દેશ કાજે સર્વોચ્ચ બલિદાન આપ્યું, જે હંમેશા પ્રેરણારૂપ રહેશે.


સ્વ. રાજીવ ગાંધીજીના બલિદાન દિવસ નિમિત્તે આયોજિત શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠન સૌરાષ્ટ્ર ઝોન અને અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના અગ્રણીઓ તથા હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા, જેમા દાનુભાઈ ખુમાણ, શિવરાજભાઈ ખુમાણ, ભાવેશભાઈ ચૌહાણ, શંભુગીરી બાપુ, અશોકભાઈ ખુમાણ, જીગ્નેશભાઈ,(જીગદાદા) ભરાડ, આ ઉપરાંત કોંગ્રેસ ટીમના અનેક વરિષ્ઠ આગેવાનો અને કાર્યકરોએ બહોળી સંખ્યામાં હાજર રહી આધુનિક ભારતના પ્રણેતાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના પદચિહ્નો પર ચાલવાનો સંકલ્પ કર્યો હતો.

---

## ૨૨ મે, ''આંતરરાષ્ટ્રીય જૈવ–વિવિધતા દિવસ''

અમરેલી, તા. ૨૧

દર વર્ષે ૨૨ મેનાં રોજ વિભરમાં ''આંતરરાષ્ટ્રીય જૈવ–વિવિધતા દિવસ'' મનાવવામાં આવે છે. સૌ પ્રથમ ૧૯૯૩માં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પહેલાં આ દિવસ ૨૯ ડિસેમ્બરનાં રોજ મનાવવામાં આવતો હતો. ૨૦૦૧થી તે દર વર્ષે ૨૨ મેનાં રોજ ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય જૈવ–વિવિધતા અંગે લોકોને જાગૃત કરવાનો છે. તેમજ ઈકો સિસ્ટમ સ્તરે જૈવિક વિવિધતાને જાળવી રાખવાનો છે. ખાસ કરીને વર્તમાન સમયમાં તેનું મહત્વ વધ્યું છે. જયારે ચોમાસાનું આગમન નજીક છે ત્યારે આ સમય વૃક્ષો વાવવા માટે ઉત્તમ છે. જો એક વ્યકિત એક વૃક્ષ વાવવાનું, તેનું જતન કરવાનું નક્કી કરે તો હજ્જારો વૃક્ષોનાં વાવેતર દ્વારા અખૂટ પ્રાણવાયુનું ઉત્પાદન શકય બની શકે છે. પીપળો, વડ, લીમડો, કરંજ, ખાટી આંબલી, દેશી આસોપાલવ, ગરમાળો, શીમળો, સેવન, મહુડો, શીસમ, સીતા અશોક, અર્જુન, તુરા આંબળા, પારીજાત, વસંત, પારસ પીપળો, કદમ, બિલ્લી, સોપારી, ફણસ, રગતરોહીડો, રૂખડો વગેરે જેવા વૃક્ષો ગામમાં વાવી શકાય છે. ચકલી જેવા પક્ષીઓ માટે વૃક્ષ ઉંબરો, સેતુર, બદામ, મીઠી આંબલી, ફાલસા, રાયણ, ખીજડો, દેશી બાવળ, લીચી, અંજીર, ઉંબરી, ગુંદી, ગુંદો,




જામફળ, જાંબુ, ચિકુ, દાળમ, પિપડી, પીલુ ખારા + મીઠા, દેશી આંબો વગેરેનાં વાવેતરથી કુદરતનાં ફળ પક્ષીઓનું પણ જતન કરી શકાય છે.

આધુનિક સમયમાં જૈવ–વિવિધતાનાં વિષય પર પ્રયાન આપવાની જરૂર છે. ગ્લોબલ વોર્મિંગનાં કારણે પર્યાવરણમાં વિશેષ પરિવર્તન આવ્યું છે. આ માટે પર્યાવરણ સંરક્ષણ પર ભાર મુકાયો છે. વર્તમાન સમયમાં છોડ અને પ્રાણીઓની ઘણી જાતો લુપ્ત થઈ ગયેલી જોવા મળી છે. પર્યાવરણીય સંતુલન માટે પ્રાણીઓનું સંરક્ષણ પણ જરૂરી છે. કુદરતી સંસાધનોનું વિચારવિહીન શોષણ, જેમ કે ગોચરની જમીન પર કબજો કરવો, બળતણ માટે જંગલો કાપવા, પાણીના સ્ત્રોતોનો બગાડ કે તેનો જરૂરીયાત કરતા વધુ ઉપયોગ કરવો અને જંતુનાશકોનો ઉપયોગ જૈવિક વિવિધતાનાં નુકશાનમાં ફાળો આપે છે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

---

### ઉમેદવારી પત્રકમાં સોગંદનામાને લઈને વિવાદ

## સાવરકુંડલાની શેલણા જિલ્લા પંચાયતનાં ભાજપનાં સદસ્ય સામે ગંભીર આક્ષેપો

**જાગૃત નાગરીકે મુખ્યમંત્રી સમક્ષ ફરિયાદ કરી**

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લા પંચાયતની સીટ નંબર ૨૮ (શેલણા) પરથી નવનિર્વાચિત બનેલા સભ્ય પ્રકાશભાઈ હિંમતભાઈ પાનસુરીયા સામે મુખ્યમંત્રી અને વિકાસ કમિશનરની કચેરીમાં લેખિત રજૂઆત કરવામાં આવી છે. વાંશિયાળી ગામના જાગૃત નાગરિક વિનોદભાઈ દેવશીભાઈ બગડા દ્વારા સભ્યપદ રદ કરવા અને તેમની સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવા માટે સત્તાવાર માંગણી કરવામાં આવતા રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે.

અરજીમાં કરાયેલા ગંભીર આક્ષેપો અનુસાર, સાવરકુંડલા તાલુકાના વાંશિયાળી ગામની સર્વે નંબર ૨૬૫ પૈકી ૨ વાળી જમીન, જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૮ના ભંગ બદલ હુકમ નોંધ નં. ૪૪૩૨થી '' સરકાર'' (સરકારી હસ્તક) કરવામાં આવેલી છે. આ સરકારી જમીન ખાલી કરવાના સ્પષ્ટ આદેશો હોવા છતાં, ચૂંટાયેલા સભ્ય પ્રકાશભાઈ પાનસુરીયાએ આજદિન સુધી આ જમીનનો કબજો છોડયો નથી અને ત્યાં બિનકાયદેસર રીતે વાવેતર કરી રહ્યા છે. વધુમાં, આ સરકારી જમીન પરનું વીજ બિલ પણ હજુ સુધી તેમના જ નામે ચાલુ હોવાના ચોંકાવનારા પુરાવા પણ અરજદાર દ્વારા રજૂ કરવામાં આવ્યા છે.

અરજદારનો સૌથી મોટો આક્ષેપ એ છે કે, પ્રકાશભાઈએ ૨૦૨૬ની ચૂંટણી ફોર્મ સાથે રજૂ કરેલા પોતાના સત્તાવાર સોગંદનામામાં આ સરકારી જમીન પરના ગેરકાયદે કબજાની વિગતો જાણીજોઈને છુપાવી છે. આ કૃત્ય ચૂંટણી નિયમોનો સરેઆમ ભંગ અને ફોજદારી ગુનો બને છે. પંચાયતના ચૂંટાયેલા જનપ્રતિનિધિ પોતે જ જયારે સરકારી જમીન પચાવી પાડે, ત્યારે તેઓ નૈતિક અને કાયદાકીય રીતે આ જવાબદાર હોદ્દા પર રહેવાનો અધિકાર ગુમાવે છે.

વિકાસ કમિશનરને કરાયેલી અરજીમાં સ્પષ્ટ માંગ કરવામાં આવી છે કે, જયાં સુધીઆ ગંભીર ગેરરીતિઓ અંગેની તપાસ પૂર્ણ ન થાય અને 'દૂધનું દૂધ અને પાણીનું પાણી' ન થાય, ત્યાં સુધી પ્રકાશભાઈ પાનસુરીયાને જિલ્લા પંચાયતના કોઈ પણ જવાબદાર જાહેર પદ કે વહીવટી હોદ્દા (જેમ કે સમિતિના ચેરમેન વગેરે) પર નિમણૂક આપવી જોઈએ નહીં. જો તેઓ તપાસ દરમિયાન કોઈ હોદ્દા પર રહેશે તો સરકારી રેકોર્ડ કે તપાસ પ્રક્રિયામાં દખલગીરી કરી શકે છે, જે લોકશાહીના મૂલ્યોની વિરૂધ્ધ છે.

ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૩૦ અને ૫૭ ટાંકીને અરજદારે જણાવ્યું છે કે, સરકારી જમીન પર દબાણ કરનાર કોઈ પણ વ્યકિત સભ્યપદે ચાલુ રહી શકે નહીં. આ મામલે અગાઉ તા. ૦૨/૦૫/૨૦૨૬ના રોજ અમરેલી કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીને પણ લેખિત રજૂઆત કરવામાં આવી ચૂકી છે. અરજદારે આખરી ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી ૧૫ દિવસમાં વિકાસ કમિશનર કચેરી દ્વારા સદર સભ્યને 'કારણ દર્શક નોટિસ' પાઠવી તેમનું સભ્યપદ રદ કરવાની કાયદેસરની પ્રક્રિયા હાથ ધરવામાં નહીં આવે, તો ન્યાય મેળવવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રીટ પિટિશન દાખલ કરવામાં આવશે.

## ભાજપ, કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષોને પણ પાછળ છોડી દીધા

# કોકરોચ જનતા પાર્ટીનાં ૧ કરોડથી વધુ ફોલોઅર્સ

### અમેરિકા સ્થિત ઈન્ડિયન યુવક અભિજિત દીપકે શરૂ કરેલ સોશ્યલ મીડિયા અભિયાનને વ્યાપક સમર્થન

નવી દિલ્હી, તા.૨૧

દેશના મુખ્ય ન્યાયાધીશ (CJI) જસ્ટિસ સૂર્ય કાંતની એક વિવાદાસ્પદ ટિપ્પણી બાદ સોશિયલ મીડિયા પર અસ્તિત્વમાં આવેલી કોકરોચ જનતા પાર્ટીનું સત્તાવાર એક્સ (X - પૂર્વ ટ્વિટર) એકાઉન્ટ ભારતમાં પ્રતિબંધિત (Ban) કરી દેવામાં આવ્યું છે.



દેશના સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાંત દ્વારા બેરોજગાર યુવાનો પર કરવામાં આવેલી એક ટિપ્પણીના વિરોધમાં શરૂ થયેલી કોકરોચ જનતા પાર્ટીનું સત્તાવાર એક્સ (X) એકાઉન્ટ ભારતમાં પ્રતિબંધિત કરી દેવામાં આવ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે, ગુરુવારે જ આ પેજે ઈન્સ્ટાગ્રામ પર ફોલોઅર્સની સંખ્યા મામલે ભારતીય જનતા પાર્ટીને પાછળ છોડી દીધી હતી. ઈન્સ્ટાગ્રામ પર આ પેજના ૧ કરોડ (10 Million) થી વધુ ફોલોઅર્સ થઈ ચૂક્યા છે, જ્યારે ભાજપના ૮૭ લાખ ફોલોઅર્સ છે. જો કે, એક્સ એકાઉન્ટ બંધ થયા બાદ પણ આ પાર્ટીનું ઈન્સ્ટાગ્રામ પેજ હજુ ઓનલાઈન દેખાઈ રહ્યું છે. એકાઉન્ટ બંધ થવાના પગલે આ પેજના ફાઉન્ડર અને સોશિયલ મીડિયા એક્ટિવિસ્ટ અભિજિત દીપકે ભારે નારાજગી વ્યક્ત કરી છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરતા જણાવ્યું કે, "જેનો ડર હતો એ જ થયું. પહેલા તેમણે અમારું એકાઉન્ટ હેક કરવાનો પ્રયાસ કર્યો અને જ્યારે તેમાં નિષ્ફળ રહ્યા ત્યારે ભારતની અંદર અમારું ઓફિશિયલ એક્સ એકાઉન્ટ બેન કરી દીધું. અમે માત્ર સરકાર પાસે જવાબદારી (Accountability) માંગી રહ્યા હતા, કોઈ ખોટી વસ્તુ લખી નહોતી. બદલામાં અમારું એકાઉન્ટ ડિએક્ટિવેટ કરી દેવાયું. આ ક્યાંની લોકશાહી છે?" તેમણે દેશના યુવાનોને આ ડિજિટલ સેન્સરશિપ વિરુદ્ધ અવાજ ઉઠાવવા અપીલ કરી છે. આ વિવાદની શરૂઆત ગયા અઠવાડિયે સુપ્રીમ કોર્ટમાં એક અરજી પર સુનાવણી દરમિયાન થઈ હતી. સુનાવણી દરમિયાન સીએજી (CJI) સૂર્યકાંતે કથિત રીતે કહ્યું હતું કે, "કેટલાક યુવાનો કોકરોચ જેવા હોય છે, જેમને ન તો કોઈ રોજગાર મળે છે કે ન તો કોઈ વ્યવસાયમાં સ્થાન મળે છે. તેમાંથી કેટલાક મીડિયા ક્ષેત્રે જાય છે, સોશિયલ મીડિયા એક્ટિવિસ્ટ બને છે કે આરટીઆઈ (RTI) એક્ટિવિસ્ટ બને છે અને પછી દરેક સિસ્ટમ પર હુમલો કરવાનું શરૂ કરી દે છે." CJI ના આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર યુવાનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો

### દેશભરનાં યુવાનો દેશની વર્તમાન પરિસ્થિતિને લઈને આગબબુલા જોવા મળતા તેઓને પ્લેટફોર્મ મળ્યુ

### નીટની પરીક્ષા રદ થતાં યુવાઓમાં ભારે આક્રોશ હોય કોકરોચ જનતા પાર્ટીને પ્રચંડ સમર્થન

હતો. જો કે, વિવાદ વધતાં જસ્ટિસ સૂર્યકાંતે બીજા જ દિવસે સ્પષ્ટતા જારી કરીને કહ્યું હતું કે, તેમનો ઈશારો માત્ર નકલી ડિગ્રી ધારકો તરફ હતો અને તેમનો ઈરાદો દેશના સાચા યુવાનોની લાગણી દુભાવવાનો નહોતો. પરંતુ, આ વિરોધના પ્રતીક રૂપે શરૂ થયેલી કોકરોચ જનતા પાર્ટી સોશિયલ મીડિયા પર એક મોટું જન-આંદોલન બની ગઈ હતી, જેના પર હવે કાનૂની કે ટેકનિકલ

### અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠાનાં યુવાનોએ પણ કોકરોચ જનતા પાર્ટીને સમર્થન જાહેર કર્યુ

તવાઈ આવી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, અમેરિકાથી શરૂ થયેલ કોકરોચ જનતા પાર્ટીનાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મમાં રાજુલા-મહુવા પંથકનાં યુવાનોએ પણ સમર્થન જાહેર કરેલ છે અને કોકરોચ જનતા પાર્ટીને છેલ્લા પાંચ દિવસમાં યુવાનોનું પ્રચંડ સમર્થન મળ્યાનાં અહેવાલો વિદેશી મીડિયામાં પણ પ્રસિધ્ધ થઈ રહ્યા છે.

## સરકારી નાણા લાગતા-વળગતા ખાતાઓમાં જમા કરી ઉપાડી લીધા

# બાબરાનાં લુણકી-હાથીગઢ ગામનાં તલાટી કમ મંત્રીએ રૂપિયા ૨૪.૯૭ લાખની રકમની ઉચાપત કરતા ફરિયાદ

### વિસનગર ખાતે રહેતાં તલાટી મંત્રી એસ.આર. પટેલ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૨૧

બાબરા તાલુકાના લુણકી-હાથીગઢ ગ્રામ પંચાયતમાં એક તલાટી કમ મંત્રીએ પોતાની ફરજ દરમ્યાન લુણકી તથા હાથીગઢ ગ્રામ પંચાયતનાં ૧૫માં નાણાપંચના બેન્ક ઓફ બરોડામાં સેવિંગ ખાતાઓ હોય જે ખાતાઓમાં ૧૫માં નાણાં પંચની ગ્રાન્ટ જમા થતી હોય જે બંને ગ્રામ પંચાયતના ખાતામાંથી કુલ રૂપિયા ૨૪,૯૭,૭૭૬ની રકમના સરકારી નાણાની આ તલાટી કમ મંત્રીએ પોતાના અંગત ઉપયોગ માટે ઉચાપત કરી, ૧૫માં નાણા પંચનાં જરૂરી રજીસ્ટર તથા ફાઈલો સાથે લઈ જઈ તેમજ આ ઉચાપત કરેલ આ નાણાં બેંક ઓફ બરોડાના અન્ય બે ખાતા ધારક ખાતામાં નાખી ઉચાપત કરેલ હતી. બાદમાં આ નાણાં આ તલાટી કમ મંત્રીએ ઉપાડી લીધાની બાબરા પોલીસમાં નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનવામાં રહેણાંક મહેસાણા જિલ્લાના વિસનગર ગામે રહેતાં સુભાષભાઈ રણછોડભાઈ પટેલ નામના આરોપી ગત તા. ૨૫/૬/૧૮ થી તા. ૨૦/૮/૨૩ સુધી બાબરા પંચાયતના ૧૫માં નાણાપંચના બેંક ઓફ બરોડામાં સેવિંગ ખાતાઓ હોય જે ખાતાઓમાં ૧૫માં નાણાં પંચની ગ્રાન્ટ જમા થતી હોય જે બંને ગ્રામ પંચાયતનાં ખાતામાંથી લુણકી ગ્રામ પંચાયત ખાતામાંથી રૂપિયા ૧૯,૪૮,૩૫૪ તથા હાથીગઢ ગ્રામ પંચાયતનાં ખાતામાંથી રૂપિયા ૫,૪૯,૪૧૨ મળી કુલ રૂપિયા ૨૪,૯૭,૭૬૬ની રકમની સરકારી નાણાંની આ તલાટી કમ મંત્રીએ પોતાના અંગત ફાયદા માટે ઉચાપત કરી ૧૫માં નાણા પંચના જરૂરી રજીસ્ટર તથા ફાઈલો સાથે લઈ જઈ તેમજ આ ઉચાપત કરે આ નાણાં બેંક ઓફ બરોડાના ખાતા ધારક ગોવિંદભાઈ વિ. પટેલ તથા બેંક ઓફ બરોડાનાં ખાતા ધારક ગીતાબેન પટેલ તથા તપાસમાં જે પણ નામ ખુલે તેના ખાતામાં નાખી ઉચાપત કરી અને આ ઉચાપત કરેલ નાણાં આ તલાટી કમ મંત્રીએ ઉપાડી લીધાની અભિષેકભાઈ ખાટાભાઈ ડાંગર તલાટી કમ મંત્રીએ બાબરા પોલીસાનં નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# ભુરખીયા હનુમાનજી મંદિરે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

અમરેલી, તા. ૨૧

ભૂરખીયા હનુમાનજી દાદાનાં મંદિરે યોજાઈ ગયેલ ૯૮માં વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનો લાભ લેતા ૧૦૦ દર્દીઓ. ૩૬ દર્દીઓને મોતિયાનાં ઓપરેશન માટે અમરેલી લઈ જવાયા, લાઠી તાલુકાનાં સ્વયં પ્રગટશ્રી ભૂરખીયા હનુમાનજી દાદાનાં મંદિરે તા. ૨૧/૫/૨૬ને ગુરૂવારનાં રોજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈનાં આર્થિક સહયોગથી લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી ), ભૂરખીયા મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીનાં સંયુક્ત ઉપક્રમે યોજાઈ ગયેલ નેત્ર નિદાન કેમ્પમાં ૧૦૦ દર્દીઓની આંખની તપાસ કરાઈ હતી, જે પૈકી ૩૬ દર્દીઓને મોતિયાનાં ઓપરેશન માટે અમરેલી લઈ જવામાં આવેલ છે. આ કેમ્પમાં સેવા આપનાર તમામનો આભાર માનવામાં આવેલ.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયકઠા
Mo. 93770 03636

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

WALK IN INTERVIEW
જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઈએ છે
(કામની જવાબદારી)
GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL
લાયકાત : B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No. (જો હોય તો)
SALARY : Rs. 40 / Hour (Starting) + EPF
TIME : MONDAY to SATURDAY 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
MAHAJAN TELNET LLP.
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
95 86 86 86 45















### એરપોર્ટ પર સ્ક્રીનિંગ વધારાયું

# ઈબોલા વાઈરસ અંગે ભારત સરકાર એલર્ટ, એડવાઈઝરી જાહેર

## હાઈ-રિસ્ક દેશો જેવા કે ડીઆર કોંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાનની યાત્રા કરનારા મુસાફરોમાં જો ઇબોલા સંબંધિત કોઈ પણ લક્ષણો દેખાય, તો પગલાં લેવા સૂચના

નવી દિલ્હી, તા.૨૧

દિલ્હી એરપોર્ટ પર ઈબોલા વાયરસને લઈને સ્વાસ્થ્ય સંબંધી એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. DGHS (ડાયરેક્ટોરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસીસ) એ આ ખતરનાક વાયરસને લઈને માર્ગદર્શિકા જાહેર કરી છે. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે એડવાઈઝરીમાં જણાવ્યું છે કે, ઈબોલા વાયરસથી પ્રભાવિત દેશોમાંથી આવતા અથવા ત્યાંથી પસાર થતા મુસાફરોએ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. હાઈ-રિસ્ક (વધુ જોખમ ધરાવતા) દેશો જેવા કે ડીઆર કોંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાનની યાત્રા કરનારા મુસાફરોમાં જો ઈબોલા સંબંધિત કોઈ પણ લક્ષણો દેખાય, તો તેના પર તાત્કાલિક પગલાં લેવામાં આવે. આ દેશોમાંથી દિલ્હી એરપોર્ટ પર આવતા મુસાફરોમાં જો તાવ, નબળાઈ અથવા થાક, માથાનો દુખાવો, સ્નાયુઓમાં દુખાવો, ઉલ્ટી-ઝાડા, અસ્પષ્ટ રક્તસ્રાવ (બ્લીડિંગ), ગળામાં ખરાશ જેવા કોઈ પણ લક્ષણો દેખાય તો તેને અવગણશો નહીં. આ સાથે જ, ઈબોલા રોગના દર્દીઓ અથવા શંકાસ્પદ દર્દીઓના લોહી કે શારીરિક પ્રવાહી (બોડી ફ્લૂઈડ્સ) ના સીધા સંપર્કમાં આવેલા મુસાફરોએ ઈમિગ્રેશન ક્લિયરન્સ પહેલાં એરપોર્ટ પર હેલ્થ ઓફિસર અથવા હેલ્થ ડેસ્કને તરત જ જાણ કરવી જોઈએ. આ સાથે જ DGHS એ આવા લોકો માટે જરૂરી સલાહ આપતા કહ્યું છે કે, કોઈ પણ મુસાફર ભારત આવ્યાના ૨૧ દિવસની અંદર જો ઈબોલા સંબંધિત કોઈ પણ લક્ષણો અનુભવે, તો તરત જ તબીબી સહાય લે અને સ્વાસ્થ્ય અધિકારીઓને પોતાની ટ્રાવેલ હિસ્ટ્રી (મુસાફરીના ઈતિહાસ) ની માહિતી આપે. મુસાફરોની સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય સ્વાસ્થ્ય નિયમો (IHR) ના હિતમાં, સ્વાસ્થ્ય તપાસ અને સાર્વજનિક સ્વાસ્થ્યના પગલાંઓમાં સહયોગ આપો. એરપોર્ટ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (APHO) તરફથી આ વાત કહેવામાં આવી છે. તમને જણાવી દઈએ કે ભારતમાં અત્યાર સુધી ઈબોલા વાયરસનો કોઈ કેસ સામે આવ્યો નથી, પરંતુ WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) દ્વારા તેને પબ્લિક હેલ્થ ઈમરજન્સી જાહેર કર્યા બાદ કેન્દ્ર સરકારે સાવચેતીના પગલાં લેવાનું શરૂ કરી દીધું છે. એરપોર્ટ અને અન્ય પ્રવેશ દ્વારો (એન્ટ્રી પોઈન્ટ્સ) પર દેખરેખ અને સ્ક્રિનિંગ વધુ કડક કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. ઈબોલા એક ખતરનાક અને જીવલેણ રોગ છે. તે મનુષ્યોની સાથે-સાથે અન્ય પ્રાઈમેટ્સ (વાંદરા જેવી પ્રજાતિઓ) ને પણ પ્રભાવિત કરે છે. આ વાયરસ સામાન્ય રીતે જંગલી પ્રાણીઓ જેવા કે ચામાચીડિયા, શાહુડી (સાહુડી) અને વાંદરાની કેટલીક પ્રજાતિઓમાંથી મનુષ્યોમાં ફેલાય છે. ત્યારબાદ, તે સંક્રમિત વ્યક્તિના લોહી, શરીરના પ્રવાહી, અંગો અથવા અન્ય સ્રાવના સીધા સંપર્કમાં આવવાથી ફેલાય છે. આ ઉપરાંત, સંક્રમિત વ્યક્તિના દૂષિત બિસ્તર કે કપડાંથી પણ તે ફેલાઈ શકે છે.

### સરકારના વરિષ્ઠ અધિકારીઓએ સ્પષ્ટ કર્યું

# દેશમાં પેટ્રોલ, ડીઝલ કે LPGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે

## ગ્રાહકોને ઈંધણ આપવાનો ઈનકાર કરનારા અથવા ઓછી માત્રામાં આપનારા પેટ્રોલ પંપો સામે કડક પગલાં લેવાઈ રહ્યા છે

નવી દિલ્હી, તા.૨૧

સરકારના વરિષ્ઠ અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે દેશમાં પેટ્રોલ, ડીઝલ કે LPGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને તેની કોઈ તંગી નથી. ગ્રાહકોને ઈંધણ આપવાનો ઈનકાર કરનારા અથવા ઓછી માત્રામાં આપનારા પેટ્રોલ પંપો સામે તંત્ર દ્વારા કડક પગલાં લેવાઈ રહ્યા છે. સમગ્ર દેશના તમામ રિટેલ આઉટલેટ્સ પર ઈંધણનો પુરવઠો સતત જળવાઈ રહે તે માટે સરકાર દ્વારા સખત દેખરેખ રાખવામાં આવી રહી છે.વધુમાં, ઓઈલ માર્કેટિંગ કંપનીઓની રિફાઈનરીઓમાં ક્રૂડ ઓઈલની સપ્લાય અવિરત ચાલુ રહે તે હેતુથી રશિયાથી કરવામાં આવતી ઓઈલની આયાત પણ યથાવત રાખવામાં આવી છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, અત્યારે લણણીની સીઝન (પાકની કાપણી) ચાલી રહી હોવાથી ડીઝલની માંગમાં અચાનક વધારો થયો છે. આ સિવાય ખાનગી ઓઈલ કંપનીઓએ ભાવ વધારી દીધા હોવાથી ગ્રાહકો હવે સરકારી ઓઈલ કંપનીઓના પેટ્રોલ પંપ તરફ વળ્યા છે, જેના કારણે ત્યાં વેચાણ વધ્યું છે. વળી, કોમર્શિયલ ખરીદી કરનારાઓ પણ સામાન્ય પેટ્રોલ પંપ પરથી ઈંધણ ખરીદી રહ્યા છે, કારણ કે આંતરરાષ્ટ્રીય ભાવ પ્રમાણે તેમને કોમર્શિયલ રેટ પર પ્રતિ લીટર અંદાજે ૨૦ રૂપિયા વધુ ચૂકવવા પડતા હતા.તાજેતરમાં ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૩.૯૧ રૂપિયાનો જે વધારો કરવામાં આવ્યો છે, તે માત્ર ૪.૪ ટકા જેટલો જ છે. એક રિપોર્ટ અનુસાર સાઉદી અરેબિયા જેવા સીધી સબસિડી આપતા ખાડી દેશોને બાદ કરતાં, વિશ્વના અન્ય કોઈપણ મોટા અર્થતંત્રની તુલનામાં આ સૌથી નાનો ભાવવધારો છે. ઈન્ડિયન ઓઈલના એક અધિકારીએ જણાવ્યું કે, સરકારી ઓઈલ કંપનીઓએ ૭૬ દિવસ સુધી આંતરરાષ્ટ્રીય સ્તરે વધેલા ખર્ચનો સંપૂર્ણ બોજ પોતે સહન કર્યો હતો અને અત્યારે જે ૩.૯૧ રૂપિયા વધારાયા છે તે ક્રૂડ ઓઈલના વધેલા ખર્ચનો માત્ર એક નાનો ભાગ છે.બીજી તરફ, સમગ્ર વિશ્વમાં ક્રૂડ ઓઈલના વધતા ભાવને કારણે રિટેલ કિંમતોમાં ૧૦થી ૯૦ ટકા સુધીનો મોટો વધારો ઝીંકવામાં આવ્યો છે. જે દેશો પશ્ચિમ એશિયાના સપ્લાય પર નિર્ભર છે અને જ્યાં સરકારો ભાવવધારાનો બોજ પોતે નથી ઉઠાવતી, ત્યાં સ્થિતિ વધુ ખરાબ છે. વૈશ્વિક સ્તરે ઈંધણના ભાવોની સ્થિતિ પર નજર કરીએ તો, પાકિસ્તાનમાં ગ્રાહકો ત્રણ મહિના પહેલાની સરખામણીએ અત્યારે પેટ્રોલ માટે આશરે ૫૫ ટકા વધુ કિંમત ચૂકવી રહ્યા છે. આ જ રીતે મલેશિયામાં પણ ઈંધણના ભાવમાં ૫૬ ટકાનો મોટો વધારો ઝીંકાયો છે, જ્યારે યુનાઈટેડ આરબ એમિરેટ્સ (UAE)માં પણ સ્થિતિ આવી જ કંઈક છે અને ત્યાંના ગ્રાહકોએ હવે ૫૨ ટકા જેટલા ઊંચા ભાવ ચૂકવવાનો વારો આવ્યો છે.

વિકસિત દેશોની વાત કરીએ તો, અમેરિકામાં ટેક્સનું માળખું મર્યાદિત હોવાથી ત્યાં ક્રૂડના ભાવની સીધી અસર થાય છે. અમેરિકામાં પેટ્રોલના ભાવમાં લગભગ ૪૫ ટકા અને ડીઝલમાં ૪૮ ટકાનો વધારો થયો છે. યુરોપના દેશોમાં પણ મોટો વધારો જોવા મળ્યો છે, જેમાં બ્રિટનમાં પેટ્રોલ ૧૯ ટકા અને ડીઝલ ૩૪ ટકા, જર્મનીમાં પેટ્રોલ ૧૪ ટકા અને ડીઝલ ૨૦ ટકા, જ્યારે ફ્રાન્સમાં અનુક્રમે ૨૧ ટકા અને ૩૦ ટકાનો ભાવવધારો થયો છે. આ સિવાય જાપાન, સાઉથ કોરિયા અને સિંગાપોરમાં પેટ્રોલનો ભાવવધારો ૨૦ ટકાથી ઓછો રહ્યો છે, પરંતુ ત્યાં ડીઝલના ભાવ ઝડપથી વધ્યા છે, જેમાં સિંગાપોરમાં ડીઝલના ભાવમાં ૬૫ ટકાનો તોતિંગ ઉછાળો નોંધાયો છે.

### વિશ્વભરમાં ઇબોલાનો ખૌફ !

# દિલ્હીમાં યોજાનારી ઇન્ડિયા-આફ્રિકા સમિટ છેલ્લી ઘડીએ મોકૂફ કરાઈ

## ૧૦ વર્ષ બાદ યોજાવવાની હતી ખાસ સમિટ : ભારતના નાગરિકોની સુરક્ષાને ધ્યાને રાખી લેવાયેલો નિર્ણય

નવી દિલ્હી, તા.૨૧

વૈશ્વિક આરોગ્ય સંકટની સીધી અસર હવે આંતરરાષ્ટ્રીય રાજકારણ પર જોવા મળી રહી છે. આફ્રિકા ખંડમાં ઝડપથી ફેલાઈ રહેલા ખતરનાક અને જીવલેણ ઈબોલા વાયરસના પ્રકોપને ધ્યાનમાં રાખીને, ભારતમાં યોજાનારી પ્રતિષ્ઠિત ચોથી 'ઈન્ડિયા-આફ્રિકા ફોરમ સમિટ'ને સત્તાવાર રીતે મોકૂફ રાખવામાં આવી છે. ભારતીય વિદેશ મંત્રાલયે ગુરુવારે આફ્રિકન યુનિયન સાથે સંયુક્ત બેઠક કર્યા બાદ આ મોટો નિર્ણય લીધો છે.

આ સમિટ આગામી ૨૮થી ૩૧ મે દરમિયાન નવી દિલ્હીમાં યોજાવાની હતી, જેમાં આફ્રિકાના ૪૦થી વધુ દેશોના રાષ્ટ્રીય નેતાઓ અને હજારો ડેલિગેટ્સ ભાગ લેવાના હતા. પરંતુ ભારતના નાગરિકોની સુરક્ષા અને પબ્લિક હેલ્થને ટોપ પ્રાયોરિટી આપીને આ નિર્ણય લેવાયો છે.આ સમિટ ભારત અને આફ્રિકાના સંબંધો માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતી, કારણ કે તે ૧૦ વર્ષના લાંબા ગાળા પછી યોજાવા જઈ રહી હતી.આની પહેલા ૨૦૦૮, ૨૦૧૧ અને છેલ્લે ૨૦૧૫માં ત્રીજી સમિટ યોજાઈ હતી, જેમાં પીએમ મોદીએ ખાસ મુલાકાત પણ કરી હતી. આ વર્ષે આફ્રિકન યુનિયન કમિશનના સહયોગથી દિલ્હીમાં ભારત-આફ્રિકા પાર્ટનરશિપનો નવો રોડમેપ તૈયાર થવાનો હતો, જે હવે પાછળ ઠેલાયો છે.આફ્રિકામાં ઈબોલાના આઉટબ્રેકને પગલે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ભારતના તમામ બંદરો, ઍરપોર્ટ્સ અને એન્ટ્રી પોઈન્ટ્સ પર કડક હેલ્થ એડવાઈઝરી જાહેર કરી છે. ખાસ કરીને આફ્રિકાના ૩ દેશોને 'હાઈ રિસ્ક' કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે: ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાન. સરકારની નવી એડવાઈઝરી મુજબ, જો કોઈ પણ મુસાફર આ ૩ દેશોમાંથી સીધો ભારત આવી રહ્યો હોય અથવા ત્યાંથી ટ્રાન્ઝિટ કરીને ભારત પહોંચી રહ્યો હોય, તો તેણે ઈમિગ્રેશન ચેક-ઈન કાઉન્ટર પર જતાં પહેલાં જ ઍરપૉર્ટ હેલ્થ ઑફિસર અથવા હેલ્થ ડેસ્કને રિપોર્ટ કરવો પડશે. સમિટ ભલે સ્થગિત થઈ હોય, પણ વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ભારત આ મુશ્કેલ સમયમાં આફ્રિકાની પ્રજા અને ત્યાંની સરકારો સાથે મજબૂતીથી ઊભું છે. આફ્રિકા સીડીસી દ્વારા વાયરસને કાબૂમાં લેવા માટે જે પણ પ્રયાસો થઈ રહ્યા છે, તેમાં ભારત તબીબી અને આર્થિક મદદ કરવા માટે સંપૂર્ણ તૈયાર છે.

### તેણે વિકેટ પર લાગેલી બેલ્સને નીચે પાડી દીધી હતી

# હાર્દિક પંડ્યાએ મેદાનમાં ગુમાવ્યો પિત્તો, મોટી ભૂલ કરતાં થયો દંડ

## આચાર સંહિતાના ઉલ્લંઘન બદલ મેચ ફીના ૧૦ ટકાનો દંડ : તેના ખાતામાં એક ડિમેરિટ પોઇન્ટ પણ ઉમેરાયો

નવી દિલ્હી, તા.૨૧

મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન હાર્દિક પંડ્યા એકવાર ફરી ચર્ચામાં છે, પરંતુ આ વખતે ચર્ચા તેના કોઈ શાનદાર પ્રદર્શનના કારણે નહીં પણ મેદાન પર દેખાડેલી નારાજગીના કારણે થઈ રહી છે. કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સામેની મેચમાં અમ્પાયરના નિર્ણય અથવા પોતાના પ્રદર્શનથી નારાજ દેખાયેલા હાર્દિક પંડ્યા પર IPL આચાર સંહિતાના ઉલ્લંઘન બદલ મેચ ફીના ૧૦ ટકાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ સાથે જ તેમના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરી દેવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટના બુધવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રમાયેલી મેચ દરમિયાન બની હતી, જ્યાં મુંબઈ ઈન્ડિયન્સને કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ૪ વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. મેચ દરમિયાન હાર્દિક પંડ્યા પોતાની બોલિંગમાં યોગ્ય લય પકડી શકતો નહોતો અને રન રોકવામાં નિષ્ફળ જઈ રહ્યો હતો. આ જ નિરાશા અને ગુસ્સામાં જ્યારે તે પોતાના રન-અપ તરફ પાછા ફરી રહ્યો હતો, ત્યારે તેણે વિકેટ પર લાગેલી બેલ્સને જોરથી નીચે પાડી દીધી હતી. હાર્દિકની આ હરકત કેમેરામાં કેદ થઈ ગઈ હતી.IPL દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે હાર્દિક પંડ્યાએ IPL કોડ ઓફ કંડક્ટના આર્ટિકલ ૨.૨નું ઉલ્લંઘન કર્યું છે. આ નિયમ મેચ દરમિયાન ક્રિકેટના સાધનો, કપડાં, ગ્રાઉન્ડ ઈક્વિપમેન્ટ અથવા અન્ય ફિટિંગ્સના દુરુપયોગ સાથે જોડાયેલો છે. હાર્દિકની આ ભૂલને લેવલ-૧નો અપરાધ માનવામાં આવ્યો છે. જોકે, હાર્દિક પંડ્યાએ પોતે કરેલી આ ભૂલ સ્વીકારી લીધી છે અને મેચ રેફરી દ્વારા આપવામાં આવેલી સજાનો સ્વીકાર કર્યો છે, જેના કારણે આ મામલે આગળ કોઈ સુનાવણીની જરૂર પડી નથી. જો મેચની વાત કરીએ તો મુંબઈ ઈન્ડિયન્સની ટીમે પ્રથમ બેટિંગ કરતા માત્ર ૧૪૭ રન બનાવ્યા હતા. જવાબમાં કોલકાતા નાઈટ રાઈડર્સે માત્ર ૪ વિકેટ ગુમાવીને ૭ બોલ બાકી હતા ત્યારે જ આ લક્ષ્યાંક સરળતાથી હાંસલ કરી લીધો હતો. આ મેચમાં કેપ્ટન હાર્દિક પંડ્યાએ બોલિંગમાં માત્ર બે ઓવર નાખી હતી, જેમાં તેણે ૧૩ રન આપ્યા પરંતુ તે એકપણ વિકેટ લેવામાં સફળ રહ્યો નહોતો. આ હાર સાથે મુંબઈ ઈન્ડિયન્સ પ્લેઓફની રેસમાંથી પહેલા જ બહાર થઈ ચૂકી છે, જ્યારે કેકેઆરે આ જીત સાથે પ્લેઓફમાં પહોંચવાની પોતાની આશા વધુ મજબૂત કરી લીધી છે.

### ટેલિફોનિક વાતચીતમાં ઝઘડો થયાનો દાવો

# ઈરાન પર ફરી હુમલા મુદ્દે ટ્રમ્પ-નેતન્યાહૂ વચ્ચે મતભેદ!

## નેતન્યાહૂ ઈરાનની સૈન્ય ક્ષમતા અને તેના મહત્ત્વના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને નબળું પાડવા માટે ફરીથી હુમલા શરૂ કરવા માંગે છે

તેહરાન, તા.૨૧

ઈરાનને લઈને અમેરિકા અને ઈઝરાયલ વચ્ચેની વ્યૂહનીતિના મતભેદો હવે ખુલ્લેઆમ સામે આવી રહ્યા છે. અમેરિકન મીડિયા અહેવાલો અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પ અને બેન્જામિન નેતન્યાહૂ વચ્ચે તાજેતરમાં થયેલી ફોન કોલ પરની વાતચીત ઘણી તણાવપૂર્ણ રહી હતી. બંને નેતા વચ્ચે સૌથી મોટો વિવાદ એ વાત પર હતો કે ઈરાન પર ફરીથી સૈન્ય હુમલો કરવો જોઈએ કે પછી વાતચીત દ્વારા સમજૂતીના પ્રયાસો ચાલુ રાખવા જોઈએ.અહેવાલો મુજબ, નેતન્યાહૂ ઈરાનની સૈન્ય ક્ષમતા અને તેના મહત્ત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સંપૂર્ણપણે નબળું પાડવા માટે ફરીથી હુમલા શરૂ કરવા માંગે છે. અમેરિકન વેબસાઈટ છર્ટૈજ એ સૂત્રોના હવાલાથી દાવો કર્યો છે કે ફોન કોલ પછી નેતન્યાહૂ ખૂબ જ ગુસ્સામાં અને અશાંત દેખાતા હતા. અહેવાલો પ્રમાણે, આ વાતચીતમાં બંને નેતાઓ ભારે આક્રોશ અને તણાવમાં હતા. વાસ્તવમાં, ટ્રમ્પે તાજેતરમાં જ કહ્યું હતું કે તેમણે ઈરાન પર સૂચિત હુમલાને હાલ પૂરતો ટાળી દીધો છે. એવું જાણવા મળ્યું છે કે કતાર, UAE અને અન્ય આરબ દેશોએ અમેરિકાને તણાવ ઓછો કરવા અપીલ કરી હતી, જેના કારણે સૈન્ય કાર્યવાહી રોકી દેવામાં આવી છે. આ સાથે જ પાકિસ્તાન અને કતારની મધ્યસ્થતામાં એક નવો શાંતિ પ્રસ્તાવ પણ તૈયાર કરવામાં આવ્યો છે, જેનો મુખ્ય હેતુ અમેરિકા અને ઈરાન વચ્ચે સમજૂતીની ભૂમિકા તૈયાર કરવાનો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ટ્રમ્પે નેતન્યાહૂ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મધ્યસ્થ દેશો એક 'લેટર ઓફ ઈન્ટેન્ટ' તૈયાર કરી રહ્યા છે, જેના પર અમેરિકા અને ઈરાન હસ્તાક્ષર કરી શકે છે. આ પ્રસ્તાવ હેઠળ ૩૦ દિવસ સુધી વાતચીત ચાલશે, જેમાં ઈરાનના પરમાણુ કાર્યક્રમ અને હોર્મુઝની ખાડીને ખોલવા જેવા ગંભીર મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.જો કે, ઈઝરાયલ આ સમગ્ર પ્રક્રિયાને લઈને ભારે આશંકાઓ સેવી રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ઈઝરાયલ સરકારની અંદર એક મોટો વર્ગ માને છે કે ઈરાન જાણીજોઈને વાતચીતને લાંબી ખેંચી રહ્યું છે અને આ સમય દરમિયાન પોતાની સ્થિતિ વધુ મજબૂત કરવામાં વ્યસ્ત છે. આ જ કારણે ઈઝરાયલ ફરીથી સૈન્ય કાર્યવાહીની તરફેણમાં છે.જો કે ટ્રમ્પે એ પણ સ્પષ્ટ કર્યું છે કે જો આ વાતચીત સફળ નહીં થાય તો અમેરિકા ફરીથી યુદ્ધનો રસ્તો અપનાવી શકે છે. જો યોગ્ય જવાબ નહીં મળે તો પરિસ્થિતિ ખૂબ જ ઝડપથી બદલાઈ શકે છે.'બીજી તરફ, ઈરાને પણ સ્પષ્ટતા કરી દીધી છે કે, તેઓ તેમના ૧૪ મુદ્દાના પ્રસ્તાવના આધારે જ વાતચીત આગળ વધારશે. ઈરાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે વાર્તાલાપ ચાલુ છે, પરંતુ અત્યારે કોઈ સમજૂતી પર પહોંચવું સરળ દેખાતું નથી.આ બધી બાબતો પરથી સ્પષ્ટ થાય છે કે ઈરાન મુદ્દે અમેરિકા અને ઈઝરાયલ હાલમાં એક સરખા વિચાર પર નથી. એક તરફ ટ્રમ્પ રાજકીય વ્યૂહનીતિના આધારે ઈરાનને તક આપવા માંગે છે, તો નેતન્યાહૂનું માનવું છે કે ઈરાન પર દબાણ જાળવી રાખવાનો સૌથી અસરકારક રસ્તો સૈન્ય કાર્યવાહી જ છે.

### રેપો રેટ વધે તેવા સંકેત

# રૂપિયાને મજબૂત કરવા આરબીઆઈ મોંઘવારીના ઝેરનો ઘૂંટડો જનતાને પીવડાવશે

## આ સપ્તાહે રૂપિયો ડોલરની સામે તેના ઐતિહાસિક નીચલા સ્તરેથી ગગડીને પ્રતિ ડોલર આશરે ૯૭ના નવા રેકોર્ડ સ્તરે પહોંચ્યો છે

નવી દિલ્હી, તા.૨૧

ડોલર સામે રૂપિયામાં આવી રહેલા રેકોર્ડબ્રેક ઘટાડાએ ભારતીય રિઝર્વ બેન્ક (RBI)ની ચિંતાઓ વધારી દીધી છે. રૂપિયાના આ ઘટાડાને રોકવા અને દેશની અર્થવ્યવસ્થાને સ્થિરતા આપવા માટે RBI હવે કેટલાક કડક પગલાં ઉઠાવી શકે છે, જેમાં વ્યાજદરોમાં વધારો કરવો પણ સામેલ છે. એક રિપોર્ટ અનુસાર, RBI ગવર્નર સંજય મલ્હોત્રા સહિતના ટોચના અધિકારીઓએ હાલના દિવસોમાં આ મામલે મહત્ત્વની બેઠકો કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આ બેઠકોમાં રૂપિયાની સ્થિતિ સંભાળવા માટે વ્યાજદરો વધારવાથી લઈને વિદેશી રોકાણકારો પાસેથી ડોલર એકઠા કરવા જેવા તમામ કડક વિકલ્પો પર ગંભીરતાથી વિચાર કરવામાં આવી રહ્યો છે.આ સપ્તાહે રૂપિયો ડોલરની સામે તેના ઐતિહાસિક નીચલા સ્તરેથી ગગડીને પ્રતિ ડોલર આશરે ૯૭ના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે. રૂપિયાની આ નબળાઈને રોકવા માટે રેપો રેટમાં વધારો કરવાનો વિકલ્પ ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે અને RBI આ બાબત પર ખૂબ જ ગંભીરતાથી વિચાર કરી રહી છે. આમ તો RBIની આગામી એમપીસી (MPC) બેઠક ૫ જૂનથી શરૂ થવાની છે, પરંતુ કટોકટીની ગંભીરતાને જોતા રિઝર્વ બેન્ક નક્કી કરેલા કાર્યક્રમ પહેલા પણ ઈમરજન્સી મીટિંગ બોલાવીને રેટ્સમાં ફેરફાર કરી શકે છે. આ પહેલા પણ મે ૨૦૨૨માં RBI નક્કી કરેલા શિડ્યુલથી અલગ જઈને અચાનક વ્યાજદરો વધારી ચૂકી છે.જો RBI દ્વારા વ્યાજદરોમાં વધારો કરવામાં આવશે, તો દેશની બેંક્રોને કેન્દ્રીય બેન્ક પાસેથી મોંઘા દરે ધિરાણ મળશે. પરિણામે, કોમર્શિયલ બેંક્રો પણ સામાન્ય જનતા માટે હોમ લોન, કાર લોન અને પર્સનલ લોનના વ્યાજદરો વધારી દેશે. બેન્કો દ્વારા વ્યાજદર વધારવાના કારણે સામાન્ય માણસ પર માસિક EMIનો બોજ સીધો વધી જશે, જેનાથી લોન લેવી વધુ મોંઘી બનશે.રૂપિયાના મૂલ્યમાં અપેક્ષા કરતાં ખૂબ જ ઝડપી ઘટાડો થઈ રહ્યો છે. જો કે, આપણા દેશની આર્થિક સ્થિતિ અને બેંક્રિંગ સિસ્ટમ સંપૂર્ણપણે મજબૂત અને સ્થિર છે, છતાં વૈશ્વિક દબાણના કારણે આ મજબૂતી એક્સચેન્જ રેટમાં દેખાઈ રહી નથી. આ કપરી પરિસ્થિતિને પહોંચી વળવા માટે RBI વર્ષ ૨૦૧૩ના ટેપર ટેન્ટ્રમ સંકટ સમયના ફોર્મ્યુલાને ફરીથી અપનાવવા પર ગંભીર વિચારણા કરી રહી છે. તે સમયે પણ રૂપિયાના ગગડતા મૂલ્યને બચાવવા માટે, વિદેશી ચલણનો પ્રવાહ વધારવાના આશયથી સ્થાનિક બેંક્રો દ્વારા વિશેષ નોન રેસિડેન્શિયલ ઈન્ડીયન (NRI) ડિપોઝિટ સ્કીમ શરૂ કરવામાં આવી હતી.રૂપિયાની સ્થિતિ સુધારવા માટે દેશના વિદેશી મુદ્રા ભંડારને વધારવો ખૂબ જ મહત્ત્વનો છે અને તેના માટે RBI આ વખતે મોટા પાયે ફંડ એકત્રિત કરવાની પ્લાનિંગ કરી રહી છે. RBIનો અંદાજ છે કે NRI માટે વિશેષ ડિપોઝિટ સ્કીમ લાવીને આ વખતે આશરે ૫૦ અબજ ડોલર સુધીનું ફંડ મેળવી શકાય છે, જ્યારે ૨૦૧૩ના સંકટ દરમિયાન આ જ સ્કીમ દ્વારા ૩૦ અબજ ડોલર એકઠા કરવામાં આવ્યા હતા.બજારમાં ડોલરની અછતને દૂર કરવા માટે આરબીઆઈ અન્ય દેશોની કેન્દ્રીય બેંક્રો સાથે વધારાના કરન્સી સ્વાપ એગ્રીમેન્ટ (ચલણની અદલાબદલીના કરાર) કરી શકે છે. આ સિવાય, વિદેશોમાંથી સીધા ડોલર મેળવવા માટે સરકારની મદદથી સોવરિન ડોલર બોન્ડ જાહેર કરવા પર પણ ગંભીર વિચારણા ચાલી રહી છે, જો કે આ બોન્ડ જાહેર કરવા અંગેનો અંતિમ નિર્ણય સંપૂર્ણપણે કેન્દ્ર સરકાર દ્વારા જ લેવામાં આવશે.

# વિશ્વ જંગલરાજ તરફ વધી રહ્યું છે, યુદ્ધ રોકવાં જરૂરી

બેઈજિંગ, તા.૨૧

પશ્ચિમ એશિયામાં ઈરાન સાથે અમેરિકા-ઈઝરાયેલના સૈન્ય તણાવની વચ્ચે ચીનમાં રાજકીય ગતિવિધિ તેજ થઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પ બાદ હવે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ચીનની મુલાકાત લીધી છે. બુધવારે બેઈજિંગના 'ગ્રેટ હોલ ઓફ ધ પીપલ' ખાતે રશિયન રાષ્ટ્રપતિ પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ દરમિયાન દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા પર ચર્ચા થઈ હતી અને બંને દેશો વચ્ચે ૨૦ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ચીનના મીડિયા અહેવાલ અનુસાર, જિનપિંગે મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધને તાત્કાલિક રોકવા માટે આહવાન કર્યું હતું. રાષ્ટ્રપતિ જિનપિંગે ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, એકતરફી સૈન્ય કાર્યવાહી અને લાંબા સમય સુધી ચાલતું યુદ્ધ વૈશ્વિક સમુદાયને એવા કપરા કાળ તરફ ધકેલી શકે છે જ્યાં આંતરરાષ્ટ્રીય નિયમો નબળા પડી જાય. આવી પરિસ્થિતિમાં યુદ્ધવિરામ કરવો અત્યંત અનિવાર્ય છે. ચીનના રાષ્ટ્રપતિએ વધુમાં ઉમેર્યું કે, અમે વૈશ્વિક શાસનની એક નવી, વધુ તાર્કિક તેમજ ન્યાયી પ્રણાલીના નિર્માણ માટે અને વિશ્વને સમૃદ્ધિ તરફ દોરી જવા માટે (રશિયા સાથે) ખભેખભા મિલાવીને કામ કરવા તૈયાર છીએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, હવે વૈશ્વિક સ્તરે બહુધ્રુવીય વ્યવસ્થા અમલી બનવી જોઈએ અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નવા અભિગમો અપનાવવા જોઈએ.આ સિવાય, બંને નેતાઓએ રશિયા-ચીન વ્યુહાત્મક સંબંધોની ૩૦મી વર્ષગાંઠ અને મૈત્રીપૂર્ણ સહયોગ કરારની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે દ્વિપક્ષીય સંબંધોની વ્યાપક સમીક્ષા કરી હતી. જિનપિંગે જણાવ્યું કે રાજકીય પરસ્પર વિશ્વાસ અને આંતરરાષ્ટ્રીય ન્યાયની સુરક્ષાને કારણે બંને દેશોના સંબંધો આજે આ ઊંચાઈએ પહોંચ્યા છે. બેઠકના અંતે પુતિન અને જિનપિંગે વ્યાપક ભાગીદારી અને વ્યૂહાત્મક સહયોગને મજબૂત કરવા સંબંધિત જોઈન્ટ ડિકલેરેશન પર હસ્તાક્ષર કર્યા હતા.

# ભારતમાં થતી આયાતમાં દરરોજ ૪ લાખ બેરલની ઘટથી ટેન્શન

નવી દિલ્હી, તા.૨૧

પશ્ચિમ એશિયામાં તનાવ અને હોર્મુઝમાં રસ્તો બંધ થવાથી સમગ્ર વિશ્વમાં ઊર્જા સંકટ છે. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વિશ્વમાં એલપીજી એટલે કે રાંધણગેસનું ત્રીજા નંબરનું સૌથી મોટું વપરાશકાર ભારત પ્રતિ દિન ચાર લાખ બેરલની ઘટનો સામનો કરી રહ્યું છે. નિક્કેઈ એશિયાની રિપોર્ટ મુજબ એપ્રિલમાં ભારતની એલપીજી આયાત પ્રતિ દિન ૩.૭૭ લાખ બેરલ હતી, જે ફેબ્રુઆરીમાં ૮.૫ લાખ બેરલ હતી. આ બતાવે છે કે એલપીજીની આયાતમાં ૫૦ ટકા ઉપરાંતનો નોંધપાત્ર ઘટાડો થયો છે. નિક્કેઈ એશિયાએ કેપ્લરના આંકડાના આધારે આ વાત જણાવી છે. ફેબ્રુઆરીમાં હોર્મુઝ ચાલુ હતી. આ બતાવે છે કે યુદ્ધના કારણે ભારત હાલમાં રાંધણગેસના મોરચે કેટલી વિપરિત પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે. કેન્દ્ર સરકાર હાલમાં આપત્તિને અવસરમાં ફેરવવામાં લાગેલી છે. તે રાંધણ ગેસમાં પુરવઠાના ઘટાડાનો લાભ ઉઠાવીને તેને પીએનજી કનેકશન્સમાં પરિવર્તીત કરવા આતુર છે. આના ભાગરૂપે આગામી છ મહિનામાં ૬૦ લાખ પીએનજી જોડાણ આપવામાં આવનાર છે. જ્યારે વર્તમાન નાણાકીય વર્ષમાં કુલ એક કરોડ પીએનજી જોડાણ આપવાનું સરકારનું લક્ષ્યાંક છે. આમ છતાં બાટલાધારકોના જોડાણની સંખ્યા ૩૩ કરોડ છે ત્યારે તેમના માટે બાટલો છોડાવવું તેટલું સરળ નહીં હોય. આ સંદર્ભમાં ધ્યાનમાં રાખીને સરકારે પીએનજી જોડાણ ધરાવનારાઓને તેમના ગેસના બાટલાનું જોડાણ રદ કરવા અપીલ કરી છે. આ દરમિયા પીએનજી કનેકશનાવાળાને એલપીજી જોડાણ સરન્ડર કરવા જણાવ્યું છે. સરકારે આવા કુટુંબોને એલપીજી જોડાણ બંધ કરવા માટે ત્રણ મહિનાનો સમય આપ્યો છે. તેથી સરકારે એક કુટુંબ એક કનેકશનનો નિયમ લાગુ કર્યો છે. અહીં તે યાદ રાખવું જરૂરી છે કે ભારત એલપીજીનું કોઈ લાંબાગાળાનું સ્ટોરેજ રાખતું નથી, તે પોતાની એલપીજી જરૂરિયાતોના બે તૃતિયાંશ હિસ્સાની આયાત કરે છે.

# NEET રી-એક્ઝામ પહેલા સરકાર એક્શન મોડમાં

નવી દિલ્હી, તા.૨૧

નીટ-યુજી રી-એક્ઝામને લઈને કેન્દ્ર સરકાર સંપૂર્ણપણે એલર્ટ મોડમાં આવી ગઈ છે. પરીક્ષાને સુરક્ષિત, નિષ્પક્ષ અને પારદર્શી રીતે યોજવા માટે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓ સાથે એક હાઈ-લેવલ બેઠક યોજીને કડક સૂચનાઓ આપી છે. આ બેઠકમાં શિક્ષણ મંત્રાલય અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ રોકવા માટે સુરક્ષા વ્યવસ્થા અને નબળા પાસાઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.આ સાથે જ સરકારે સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓ અને ખોટી માહિતી સામે પણ કડક વલણ અપનાવ્યું છે. મેટા, ગૂગલ અને ટેલિગ્રામ જેવી મોટી સોશિયલ મીડિયા કંપનીઓના પ્રતિનિધિઓ સાથે એક અલગ બેઠક યોજીને નકલી પેપર લીક, ભ્રામક પોસ્ટ્સ અને ડર ફેલાવતી ટેલિગ્રામ ચેનલો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પરીક્ષા પહેલા ઘણી ટેલિગ્રામ ચેનલો અચાનક સક્રિય થઈ જાય છે. આ ચેનલો નકલી પેપર લીક અને પુષ્ટિ વગરની માહિતી ફેલાવીને વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં ગભરાટ ઊભો કરે છે. ગુપ્તચર એજન્સીઓના રિપોર્ટ મુજબ, આમાંની ઘણી લિંક્સ વિદ્યાર્થીઓને નકલી ગ્રુપ્સ અને ઓટોમેટેડ બોટ્સ સુધી દોરી જાય છે. આવી ઘણી શંકાસ્પદ ચેનલો કેટલાક મર્યાદિત મોબાઈલ નંબરોથી ઓપરેટ થઈ રહી છે, જે એક સંગઠિત નેટવર્ક હોવાની આશંકા દર્શાવે છે.આ મામલાને ગંભીરતાથી લઈને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને નકલી અને ભ્રામક માહિતી ફેલાવતી ચેનલોની ઓળખ કરીને તેમને તાત્કાલિક બ્લોક કરવા અને હટાવવાના આદેશ આપ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે સોશિયલ મીડિયા કંપનીઓએ શિક્ષણ મંત્રાલય, NTA અને કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે મળીને આ દિશામાં ઝડપથી કામ કરવું પડશે. સરકારે ભારપૂર્વક જણાવ્યું છે કે વિદ્યાર્થીઓને અફવાઓથી બચાવવા અને પરીક્ષા પ્રણાલી પર લોકોનો ભરોસો જાળવી રાખવો એ તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

### કેન્દ્ર સરકાર માટે આર્થિક મોરચે રાહતના સમાચાર

# સરકારના ખાતામાં રૂ.૩.૫ લાખ કરોડ જમા કરાવશે RBI

## RBI બોર્ડની શુક્રવારે એક મહત્વની બેઠક મળવા જઈ રહી છે જેમાં આ સરપ્લસ ટ્રાન્સફરને મંજૂરી આપવામાં આવી શકે

નવી દિલ્હી, તા.૨૧

કેન્દ્ર સરકાર માટે આર્થિક મોરચે ખૂબ જ મોટા અને રાહતના સમાચાર આવી રહ્યા છે. રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સરકારને અત્યાર સુધીનું સૌથી રૅકોર્ડબ્રેક સરપ્લસ ડિવિડન્ડ ટ્રાન્સફર કરે તેવી શક્યતા છે. એક રિપોર્ટ અનુસાર, આ ચૂકવણી ૨.૭ લાખ કરોડ રૂપિયાથી લઈને ૩.૫ લાખ કરોડ રૂપિયાની વચ્ચે હોઈ શકે છે.RBI બોર્ડની શુક્રવારે(૨૨ મે) એક મહત્વની બેઠક મળવા જઈ રહી છે. જેમાં આ સરપ્લસ ટ્રાન્સફરને મંજૂરી આપવામાં આવી શકે છે. જો આ રકમ અંદાજ મુજબ ૩.૫ લાખ રૂપિયા કરોડની આસપાસ રહેશે, તો તે દેશના ઈતિહાસમાં RBI દ્વારા સરકારને આપવામાં આવેલું સૌથી મોટું ડિવિડન્ડ હશે.ગયા નાણાકીય વર્ષમાં પણ આરબીઆઈએ સરકારને ૨.૬૯ લાખ કરોડ રૂપિયાનું રૅકોર્ડબ્રેક ડિવિડન્ડ આપ્યું હતું. પરંતુ આ વર્ષે તેમાં ધરખમ વધારો થવાની આશા છે. છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં RBI દ્વારા સરકારને અપાતા ડિવિડન્ડમાં ત્રણ ગણો વધારો થયો છે. જે કેન્દ્ર સરકાર માટે નોન-ટેક્સ રેવન્યુનો એક મોટો સ્ત્રોત બની ગયો છે. તમને પ્રશ્ન થશે કે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થઈ રહ્યો છે તો RBI આટલી કમાણી ક્યાંથી કરી રહ્યું છે? નાણાકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન અમેરિકી ડૉલર સામે ભારતીય રૂપિયામાં આશરે ૧૦ ટકાનો ઘટાડો થયો છે. આ ઘટાડાને કારણે ઈંઁ પાસે રહેલી વિદેશી ચલણની સંપત્તિનું મૂલ્ય વધી ગયું છે. રૂપિયાને વધુ ગગડતો અટકાવવા માટે ઈંઁ એ ચલણ બજારમાં સક્રિયપણે હસ્તક્ષેપ કરીને મોટા પાયે ડૉલરનું વેચાણ કર્યું હતું, જેનાથી બૅંકને મોટો નફો થયો છે. પડકારો છતાં નાણાકીય વર્ષ ૨૦૨૬માં ભારતનું વિદેશી હૂંડિયામણ ભંડોળ ૩ ટકા વધીને લગભગ ૬૮૮ અબજ ડૉલર પર પહોંચી ગયું છે. આ સિવાય વિદેશી રોકાણોમાંથી મળેલી ઊંચી ઉપજ અને કરન્સી પ્રિન્ટિંગ પ્રવૃત્તિઓમાંથી થયેલી આવકે પણ RBIના નફામાં મોટો ભાગ ભજવ્યો છે. આ અઢળક નાણાં મળવાથી સરકારને દેશના વિકાસ કાર્યો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ અને રાજકોષીય ખાધને અંકુશમાં રાખવામાં ખૂબ જ મોટી મદદ મળશે. જોકે, આ સંભવિત ચૂકવણી અંગે રિઝર્વ બૅંક દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર ટિપ્પણી કરવામાં આવી નથી અને શુક્રવારની બેઠક બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે.

### ટ્રાન્સપોર્ટરો માટે પડ્યા પર પાટુ જેવી સ્થિતિ

# ડીઝલની અછત રહેશે તો ગુજરાતમાં ૧૨ લાખ ટ્રકના પૈડા થંભી જશે!

## ડીઝલના ભાવ-અછતને લીધે અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા રૂટ પર ખાનગી બસોની સંખ્યા ઘટી

ગાંધીનગર, તા.૨૧

ઈઝરાયલ, અમેરિકા-ઈરાન વચ્ચે ચાલી રહેલી યુદ્ધ અને વૈશ્વિક પરિસ્થિતિને જોતાં ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી ડીઝલમાં અછત વર્તાઈ રહી છે જેના કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને આર્થિક નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે. ટ્રાન્સપોર્ટરોનું કહેવું છેકે, જો ઈંધણની અછત દૂર નહીં થાય તો, ગુજરાતમાં ૧૨ લાખ ટ્રકોના પૈડા થંભી જશે. ડીઝલની અછતની સાથે સાથે મંદીના માહોલને લીધે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગની આર્થિક કમર ભાંગી ગઈ છે. આ જોતાં ટ્રાન્સપોર્ટરોએ ઈંધણની અછત દૂર કરવા ગુજરાત સરકારને રજૂઆત કરી છે.ગુજરાતનો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ અગાઉથી જ આ થક મંદીનો સામનો કરી રહ્યો છે. આ પરિસ્થિતિ વચ્ચે ડીઝલની અછત સર્જાતા ટ્રાન્સપોર્ટરો માટે પડ્યા પર પાટુ જેવી સ્થિતિ સર્જાઈ છે. હાલ સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં પરિસ્થિતિ વધુ કફોડી બની છે. હાઈવેના મોટાભાગના પેટ્રોલપંપો જાણે બંધ અવસ્થામાં છે જ્યાં પાટિયા લાગ્યાં છેકે, ડીઝલનો જથ્થો નથી. ડીઝલ માટે ટ્રકચાલકોને આમથી તેમ ભટકવું પડે છે. મહત્ત્વની વાત તો એછેકે, પેટ્રોલ પંપો પર મર્યાદિત લિટર જ ડીઝલ આપવામાં આવે છે જેથી દૂરના અંતરમાં જતાં ટ્રકચાલકો અટવાઈ જાય તેવી સ્થિતિ પરિણમી છે. ડીઝલ વિના માલસામાનની હેરફેર કરતા ટ્રકચાલકો અટવાઈ પડયા છે. અપુરતા ડીઝલને લીધે માલસામાનની સમયસર ડિલિવરી પણ થઈ શકતી નથી પરિણામે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને વ્યાપક અસર પહોંચી છે. ટ્રાન્સપોર્ટ ઉદ્યોગની કફોડી સ્થિતિ થઈ છે. ત્યારે હવે અખિલ ગુજરાત ટૂંક ટ્રાન્સપોર્ટ એસોસિયેશન મેદાને આવ્યું છે. એસોસિયેશને સરકાર સમક્ષ રજૂઆત કરી છેકે, એક તરફ મંદીનો માહોલ પ્રવર્તી રહ્યો છે. ત્યારે ડીઝલની અછતને પગલે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પડી ભાંગે તેમ છે. જો આ પરિસ્થિતિ યથાવત રહી તો, ગુજરાતમાં ૧૨ લાખ ટ્રકોના પૈડા થંભી જશે એ દિવસો દૂર નથી. આ ઉપરાંત ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ઠપ થશે તો લાખો લોકોની રોજીરોટી સામે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે. ટ્રકોની અવરજવર અટકશે તો શાકભાજીથી માંડીને જીવન જરૂરિયાત ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચે તેમ છે. આ જોતાં ઈંધણની અછત દૂર કરવા અને મંદીમાં રહેલા ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને બચાવવા માટે તાકીદે રજૂઆત કરવામાં આવી છે. આમ, સરકાર ભલે દાવો કરે પણ ગુજરાતમાં ડિઝલની અછતની સમસ્યા વધુને વધુ વકરી રહી છે જેના લીધે ટ્રાન્સપોર્ટરોને મોટા આ થક નુકસાન થાય તેવી ભીતિ છે.રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધ્યા છે. સાથે સાથે ડીઝલની સર્જાયેલી અછતને કારણે વાહન વ્યવહાર પર અસર જોવા મળી રહી છે. પર્યાપ્ત માત્રામાં ડીઝલ ન મળતાં ખાનગી ટ્રાવેલ્સ બસ સેવાઓ પણ પ્રભાવિત થઈ છે. કેટલાંય ટ્રાવેલ્સ સંચાલકોએ બસોના રૂટ ઘટાડી દીધાં છે. એવું જાણવા મળ્યું છેકે, ખાનગી બસોના સંચાલનમાં ૩૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ટ્રાવેલ્સ બસમાલિકોનું કહેવું છે કે, ડીઝલના પુરવઠામાં અનિયમિતતાને લીધે ખાનગી લક્ઝરી બસો દોડાવવી મુશ્કેલ બની છે. આ ઉપરાંત જો બસભાડું વધારવામાં આવે તો બસમુસાફરોનો રોષ વહોરવો પડી શકે છે. આ સંજોગોમાં બસો ચલાવવી હવે આ થક રીતે પોષાય તેમ નથી. અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા રૂટ પર ખાનગી બસોની સંખ્યા ઘટી ગઈ છે.

### દેશમાં કોઈ મહિલા એટર્ની જનરલ બની નથી

# સરકારી પેનલમાં મહિલા વકીલોને ૩૦% અનામત કેમ નહીં? સુપ્રીમ

## કાનૂની વ્યવસાયમાં મહિલાઓ અંગે કરાયેલા સર્વેના અનુસંધાને સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી

નવી દિલ્હી, તા.૨૧

ભારતની સર્વોચ્ચ અદાલતે બુધવારે કેન્દ્ર સરકાર, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ જારી કરી હતી. આ જાહેર હિત અરજીમાં દેશભરમાં સરકારી વકીલોની પેનલ અને કાનૂની અધિકારીઓની નિમણૂકમાં મહિલા વકીલો માટે ઓછામાં ઓછા ૩૦ ટકા અનામત સુનિશ્ચિત કરવા દિશાનિર્દેશ આપવા માંગ કરવામાં આવી છે.ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી અને ન્યાયમૂર્તિ વિપુલ એમ. પંચોલીની બેન્ચે મામલાની ટૂંકી સુનાવણી બાદ આ આદેશ આપ્યો હતો. ટૂંકી સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકીલ અને સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના અધ્યક્ષ વિકાસ સિંહે કાનૂની ક્ષેત્રમાં મહિલાઓને આવતી મુશ્કેલીઓ અંગેના તાજેતરના સર્વેનો ઉલ્લેખ કર્યો અને સર્વોચ્ચ અદાલતને સરકારી કાનૂની પેનલ તથા કાનૂની અધિકારીઓની નિમણૂકમાં મહિલાઓને વધુ સ્થાન આપવા વિનંતી કરી. તેમણે રજૂઆત કરતાં કહ્યું, ''આ એસોસિયેશન દ્વારા કાનૂની વ્યવસાયમાં મહિલાઓ અંગે કરાયેલા સર્વેના અનુસંધાને છે. તેમને સરકારી પેનલોમાં સામેલ કરવાની જરૂર છે.'' રજુઆતો સાંભળ્યા બાદ ચીફ જસ્ટિસની આગેવાનીવાળી બેન્ચે મામલાની સુનાવણી કરવા સંમતિ આપી અને આગામી અઠવાડિયે વધુ સુનાવણી માટે યાદીબદ્ધ કર્યો. લાડલી ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજીમાં ''તમામ હાઈકોર્ટ પેનલ, સરકારી કાનૂની અધિકારીઓના પદો અને કેન્દ્ર તથા રાજ્ય સરકારો/જાહેર ક્ષેત્રની સંસ્થાઓની કાનૂની પેનલોમાં મહિલા વકીલો માટે ઓછામાં ઓછા ૩૦ ટકા અનામત અમલમાં મૂકવા'' દિશાનિર્દેશ આપવા માંગ કરવામાં આવી છે.સરકારી કાનૂની પેનલ અને કાનૂની અધિકારીઓની નિમણૂકો બંધારણીય અદાલતો, ટ્રિબ્યુનલ અને અન્ય ન્યાયિક મંચો સમક્ષ રાજ્યના કાનૂની પ્રતિનિધિત્વનો મહત્વપૂર્ણ ભાગ છે, તેથી તેમાં સમાનતા અને યોગ્ય પ્રતિનિધિત્વના બંધારણીય સિદ્ધાંતો હોવા જોઈએ. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં બાર કાઉન્સિલ તથા ગવર્નિંગ બોડીમાં મહિલાઓ માટે અનામત રાખવાના નિર્દેશ આપ્યા હતા. તેનો સંદર્ભ આપીને આ પ્રકારના પગલાં સરકારી પેનલમાં ભરવા માટે દાદ માગવામાં આવી હતી. અરજીમાં થયેલી રજૂઆત મુજબ, સ્વતંત્ર ભારતમાં કોઈ પણ મહિલાએ એટર્ની જનરલ કે સોલિસિટર જનરલ ઓફ ઈન્ડિયા તરીકે સેવા આપેલી નથી. દેશની વિવિધ હાઈકોર્ટમાં એડિશનલ સોલિસિટર જનરલ તરીકે પણ કોઈ મહિલા કાર્યરત નથી.

### કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું

# ડોલર સામે ભારતીય રૂપિયાના મૂલ્યમાં થઈ રહેલા સતત ઘટાડાને રોકવા માટે કેન્દ્ર સરકાર સક્રિય

## અમે પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છીએ, સરકારના તમામ વિભાગો એક ટીમ તરીકે કામ કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.૨૧

અમેરિકી ડૉલર સામે ભારતીય રૂપિયાના મૂલ્યમાં થઈ રહેલા સતત ઘટાડાને રોકવા માટે કેન્દ્ર સરકાર સક્રિય છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગુરુવારે જણાવ્યું હતું કે, ચલણને સ્થિર કરવા માટે સરકારના તમામ વિભાગો સાથે મળીને કામ કરી રહ્યા છે અને આ અંગે અનેક મહત્વના પગલાં લેવા પર વિચારણા ચાલી રહી છે.એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથેની વાતચીતમાં ગોયલે જણાવ્યું કે, "અમે પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છીએ. સરકારના તમામ વિભાગો એક ટીમ તરીકે કામ કરી રહ્યા છે અને ટૂંક સમયમાં યોગ્ય પગલાં લેવામાં આવશે." વૈશ્વિક બજારમાં પ્રવર્તી રહેલા પડકારોના કારણે છેલ્લા કેટલાક અઠવાડિયાથી ભારતીય રૂપિયા પર ભારે દબાણ જોવા મળી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ (કાચા તેલ)ની વધતી કિંમતો સતત વધી રહી છે. વૈશ્વિક બોન્ડ યીલ્ડમાં થયેલો વધારો થયો છે. વિદેશી રોકાણકારો દ્વારા ભારતીય બજારમાંથી સતત પૈસા પાછા ખેંચવા લાગ્યા છે. આ ઉપરાંત વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતાઓ પણ મહત્વનું કારણ છે. તાજેતરમાં જ ભારતીય રૂપિયો અમેરિકી ડૉલર સામે ઘટીને ૯૬.૮૮ રૂપિયાની અત્યાર સુધીની સૌથી નીચલી ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયો છે. જ્યારે મંત્રીને પૂછવામાં આવ્યું કે શું સરકાર કરંટ એકાઉન્ટ ડેફિસિટ (CAD) પરનું દબાણ ઘટાડવા માટે બિન-જરૂરી ચીજવસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવાનું વિચારી રહી છે? ત્યારે તેમણે સ્પષ્ટ ના પાડી દીધી હતી. ગોયલે સ્પષ્ટતા કરતા કહ્યું કે, "હાલમાં આયાત પર પ્રતિબંધ મૂકવાની કોઈ યોજના નથી. પરંતુ અમે દેશના તમામ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ આયાત પર નિર્ભર હોય તેવી વસ્તુઓ પર થતા ખર્ચ અંગે વધુ જાગૃત બને."

વૈશ્વિક મંદી અને આર્થિક અનિશ્ચિતતા વચ્ચે પણ પીયૂષ ગોયલે ભારતીય અર્થતંત્રની મજબૂતી પર પૂરો ભરોસો વ્યક્ત કર્યો છે. તેમણે આત્મવિશ્વાસ સાથે જણાવ્યું કે, "વૈશ્વિક પરિસ્થિતિ ઘણી પડકારજનક છે, પરંતુ અમારી પાસે એ આત્મવિશ્વાસ અને દ્રઢ વિશ્વાસ છે કે આ મુશ્કેલ સમયમાંથી પણ ભારત વધુ મજબૂત બનીને વિજેતા તરીકે બહાર આવશે."અમેરિકી વેપાર પ્રતિનિધિમંડળની ભારત મુલાકાત અંગે માહિતી આપતાં મંત્રીએ સંકેત આપ્યો હતો કે, આગામી મહિને એટલે કે જૂન મહિનામાં આ અંગે બેઠક અને ચર્ચા થવાની સંભાવના છે. મુખ્ય વાટાઘાટકાર (Chief NegOiator) આ ડેલિગેશન સાથે નથી આવી રહ્યા, પરંતુ આગામી મહિને તેમની મુલાકાતનું આયોજન છે.

### ચીનની શરણે જવાની તૈયારી

# ભારતની ચિંતા કર્યા વિના બે નદી પર બેરેજ બનાવશે બાંગ્લાદેશ

## સરકાર દેશના બહુપ્રતીક્ષિત પદ્મા અને તીસ્તા બેરેજ પ્રોજેક્ટ્સ પર ટૂંક સમયમાં કામ શરૂ કરવા જઈ રહી છે

ઢાકા, તા.૨૧

બાંગ્લાદેશના વડાપ્રધાન અને બીએનપીના ચેરમેન તારિક રહેમાને દેશની જળ સમસ્યાઓ ઉકેલવા માટે એક મોટો અને વ્યૂહાત્મક નિર્ણય લીધો છે. તેમણે જાહેરાત કરી છે કે, તેમની સરકાર દેશના બહુપ્રતીક્ષિત પદ્મા અને તીસ્તા બેરેજ પ્રોજેક્ટ્સ પર ટૂંક સમયમાં જ કામ શરૂ કરવા જઈ રહી છે. રહેમાન આગામી જૂન મહિનાના અંતમાં ચીનની મુલાકાતે જવાના છે અને તે પહેલાં લેવાયેલો આ નિર્ણય દર્શાવે છે કે, આ મેગા પ્રોજેક્ટ્સમાં ચીન મોટા પાયે આર્થિક રોકાણ કરી શકે છે.

ઢાકા નજીક ગાજીપુરમાં એક કાર્યક્રમ દરમિયાન જનસભાને સંબોધતા પીએમ તારિક રહેમાને સ્પષ્ટ કર્યું કે, "આ બીએનપી સરકાર પદ્મા બેરેજ અને તીસ્તા બેરેજ બંનેનું કામ શરૂ કરશે. જો કોઈએ ખરેખર આ દિશામાં કામ કરીને જમીન તૈયાર કરી હોય, તો તે બીએનપી જ છે." સરકારે પદ્મા નદી પર બેરેજ બનાવવાની મંજૂરી અગાઉ જ આપી દીધી હતી અને હવે તીસ્તા બેરેજને પણ લીલી ઝંડી મળી ગઈ છે.

બાંગ્લાદેશના જળ સંકટનો ઉલ્લેખ કરતા પીએમ રહેમાને દાવો કર્યો કે, ભારતના ફરક્કા બેરેજના કારણે બાંગ્લાદેશના દક્ષિણ વિસ્તારમાં સમુદ્રનું ખારું પાણી ઘૂસી રહ્યું છે. તેના લીધે સુંદરબન સહિતના વિસ્તારોમાં પર્યાવરણને મોટું નુકસાન થઈ રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, ચોમાસાના વધારાના પાણીનો સંગ્રહ કરવા માટે આ બેરેજ બનાવવો અનિવાર્ય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૧૯૯૬માં થયેલી ગંગા જળ કરારની મુદત આ જ વર્ષે ડિસેમ્બરમાં પૂરી થઈ રહી છે અને તેને રિન્યુ કરવા માટે હાલ વાટાઘાટો ચાલી રહી છે. જ્યારે તીસ્તા નદીના પાણીની વહેંચણીનો કરાર પશ્ચિમ બંગાળના તત્કાલીન મુખ્યમંત્રી મમતા બેનર્જીના વિરોધને કારણે લાંબા સમયથી અટકેલો છે.

બાંગ્લાદેશ દ્વારા આશરે ૧ અબજ ડૉલરના આ મેગા પ્રોજેક્ટ માટે ચીન પાસે મદદ માંગવામાં આવતા નવી દિલ્હીમાં વ્યૂહાત્મક ચિંતાઓ વધી ગઈ છે. ભારત માટે આનાથી ગંભીર અસરો થઈ શકે છે. ભારતની સૌથી મોટી ચિંતા સુરક્ષાને લઈને છે. તીસ્તા નદીનો આ વિસ્તાર ભારતના વ્યૂહાત્મક રીતે અતિ સંવેદનશીલ સિલીગુડી કોરિડોરની (જે પૂર્વોત્તર રાજ્યોને બાકીના ભારત સાથે જોડે છે) ખૂબ જ નજીક છે. નદી મેનેજમેન્ટ અને એન્જિનિયરિંગના બહાને ચીનની સરકારી કંપનીઓ અને ચીની એન્જિનિયરોની આ વિસ્તારમાં હાજરી ભારતની રાષ્ટ્રીય સુરક્ષા માટે મોટો ખતરો બની શકે છે.

ભૂતપૂર્વ પીએમ શેખ હસીનાના શાસનકાળ દરમિયાન ભારતે આ પ્રોજેક્ટમાં ટેકનિકલ મદદની ઓફર કરીને ચીનને દૂર રાખવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તારિક રહેમાનની નવી સરકાર આવતા જ ઢાકાનું ચીન તરફનું ઝુકાવ સ્પષ્ટ થઈ ગયું છે.

ચીન આ પ્રોજેક્ટને પોતાના વ્યૂહાત્મક BRI પ્રોજેક્ટ હેઠળ આગળ વધારવા માંગે છે. જો ચીન આ પ્રોજેક્ટ ફંડ કરશે, તો બાંગ્લાદેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર બેઈજિંગની પકડ વધુ મજબૂત બનશે, જે ભારતની નેબરહુડ ફર્સ્ટની નીતિ માટે મોટો પડકાર છે.

### ગુજરાતમાં નવી શિક્ષણ પદ્ધતિ આવશે

# ધોરણ ૧થી ૮માં હવે પાસ-નાપાસ નહીં પણ આવશે 'HPC'કાર્ડ

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતમાં આગામી શૈક્ષણિક સત્રથી શિક્ષણ વ્યવસ્થામાં મોટા ફેરફારો જોવા મળશે. ગુજરાત કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ અને રાજ્ય શિક્ષણ વિભાગે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત નવી શિક્ષણ પદ્ધતિને તબક્કાવાર અમલમાં મૂકવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. રાજ્ય સરકાર ટૂંક સમયમાં 'સ્ટેટ કરીક્યુલમ ફ્રેમવર્ક' જાહેર કરશે, જેના આધારે રાજ્યની શાળાઓમાં શિક્ષણ અને મૂલ્યાંકનની નવી પદ્ધતિ અમલમાં આવશે.નવી વ્યવસ્થામાં ધોરણ ૧થી ૮ સુધીના વિદ્યાર્થીઓ માટે પરંપરાગત 'પાસ-નાપાસ' પદ્ધતિને બદલે હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ એટલે કે HPC કાર્ડ તૈયાર કરવામાં આવશે. અત્યાર સુધી વિદ્યાર્થીઓને એક પાનાનું પરિણામપત્રક આપવામાં આવતું હતું, જ્યારે હવે ૧૫થી ૨૦ પાનાનું વિસ્તૃત મૂલ્યાંકન પત્રક તૈયાર કરવામાં આવશે. આ કાર્ડમાં માત્ર માર્ક્સ નહીં પરંતુ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસનું મૂલ્યાંકન કરવામાં આવશે.શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ નવા માળખામાં વિદ્યાર્થીની શૈક્ષણિક ક્ષમતા સાથે તેની વિચારશક્તિ, પ્રેઝન્ટેશન સ્કિલ, સર્જનાત્મકતા, સમૂહમાં કામ કરવાની ક્ષમતા અને સમસ્યા ઉકેલવાની આવડત જેવા પાસાઓને પણ મહત્વ આપવામાં આવશે. મૂલ્યાંકન હવે માત્ર લેખિત પરીક્ષાઓ પૂરતું મર્યાદિત નહીં રહે. તેના બદલે પ્રોજેક્ટ, પ્રેઝન્ટેશન, સમૂહ ચર્ચા, પ્રયોગો અને પોર્ટફોલિયો આધારિત મૂલ્યાંકન પદ્ધતિ અપનાવવામાં આવશે. નવી શિક્ષણ પદ્ધતિ હેઠળ વિદ્યાર્થીઓનું ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકન કરવામાં આવશે. ખાસ વાત એ છે કે આ મૂલ્યાંકનમાં માત્ર શિક્ષક નહીં પરંતુ વિદ્યાર્થી પોતે, તેના સહપાઠી મિત્રો અને વાલીઓના પ્રતિસાદનો પણ સમાવેશ કરવામાં આવશે. એટલે કે બાળકના શૈક્ષણિક પરિણામ સાથે તેના શારીરિક, ભાવનાત્મક અને જ્ઞાનાત્મક વિકાસનું પણ મૂલ્યાંકન થશે.રાજ્ય સરકાર દ્વારા શિક્ષણના નવા માળખાને ચાર તબક્કામાં વહેંચવામાં આવ્યું છે. નર્સરીથી ધોરણ ૨ સુધી રમત-ગમત અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ પર ભાર મૂકવામાં આવશે. ધોરણ ૩થી ૫ દરમિયાન ભાષા, ગણિત અને પર્યાવરણ વિષયને શોધખોળ અને રમતો દ્વારા શીખવવામાં આવશે. ધોરણ ૬થી ૮માં વ્યવસાયલક્ષી શિક્ષણનો સમાવેશ કરવામાં આવશે, જ્યારે ધોરણ ૯થી ૧૨માં વિદ્યાર્થીઓને પોતાની પસંદગીના વિષયો પસંદ કરવાની ફ્લેક્સિબિલિટી આપવામાં આવશે.નવી નીતિમાં સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ વચ્ચેની પરંપરાગત દિવાલો પણ તૂટશે. વિદ્યાર્થીઓ હવે અલગ અલગ વિષય જૂથોમાંથી પોતાની પસંદગી મુજબ વિષયો લઈ શકશે. સાથે જ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓને વધુ સરળ, તાર્કિક અને ક્ષમતા આધારિત બનાવવાની તૈયારી પણ ચાલી રહી છે. આ નવા અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોના અમલ પહેલા શિક્ષકોને વિશેષ તાલીમ પણ આપવામાં આવશે. શિક્ષકો માટે મોડ્યુલર ટ્રેનિંગ તૈયાર કરવામાં આવી રહી છે, જેથી તેઓ નવી પદ્ધતિને અસરકારક રીતે અમલમાં મૂકી શકે.

### કાર ખરીદવા ૩ મહિનાનું વેઈટિંગ

# EV વાહનોની ડિમાન્ડમાં ૫૦%નો તોતિંગ ઉછાળો

અમદાવાદ ,તા.૨૧

અમદાવાદ શહેરમાં ઈલેક્ટ્રિક વાહનો ખરીદવા માટે લોકોમાં અભૂતપૂર્વ ક્રેઝ જોવા મળી રહ્યો છે. પેટ્રોલ અને ડીઝલના આસમાને પહોંચેલા ભાવ અને વાહનોના રોજના વધતા જતા મેન્ટેનન્સ ખર્ચથી કંટાળીને હવે અમદાવાદીઓ ઝડપથી ઈકો-ફ્રેન્ડલી અને ખિસ્સાને પરવડે તેવા EV ઓપ્શન તરફ વળી રહ્યા છે. તાજેતરના માર્કેટ સર્વે મુજબ, શહેરમાં EV વાહનોની ડિમાન્ડમાં સીધો ૫૦ ટકાનો જંગી વધારો નોંધાયો છે, જેમાં ઈલેક્ટ્રિક કાર અને ટુ-વ્હીલર (સ્કૂટર-બાઈક) બંનેનો સમાવેશ થાય છે.શહેરના વિવિધ ઓટોમોબાઈલ શોરૂમ્સના સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, અમદાવાદમાં ઈલેક્ટ્રિક વાહનોની પૂછપરછમાં ભારે ઉછાળો આવ્યો છે. માત્ર ઈન્કવાયરીની વાત કરીએ તો, દરરોજ ૨૦૦થી વધુ ગ્રાહકો EV વાહનોની માહિતી મેળવવા અને ટેસ્ટ ડ્રાઈવ માટે શોરૂમની મુલાકાત લઈ રહ્યા છે.ડિમાન્ડ એટલી હદે વધી ગઈ છે કે સપ્લાય ચેઈન પર તેની સીધી અસર જોવા મળી રહી છે. હાલમાં જો કોઈ ગ્રાહક EV કાર બુક કરાવે છે, તો મોડેલના આધારે ૧ થી ૩ મહિના સુધીનું લાંબુ વેઈટિંગ પીરિયડ ચાલી રહ્યું છે. જ્યારે ટુ-વ્હીલર સેગમેન્ટમાં પણ ગ્રાહકોએ વાહન મેળવવા માટે દિવસથી લઈને ૧ મહિના સુધીની રાહ જોવી પડી રહી છે.નિષ્ણાતોના મતે, સરકાર દ્વારા ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં કરાયેલો વધારો અને સબસિડીની નીતિઓને કારણે પણ લોકોનો ભરોસો EV પર વધ્યો છે. મધ્યમ વર્ગ હવે લાંબા ગાળાના આર્થિક ફાયદાને જોઈને પરંપરાગત ઈંધણ વાહનોના બદલે ઈલેક્ટ્રિક સ્કૂટરને વધુ પસંદ કરી રહ્યો છે. આગામી તહેવારોની સિઝનમાં આ ડિમાન્ડ હજુ પણ નવો રેકોર્ડ સર્જે તેવી પૂરેપૂરી શક્યતા છે, જેને પગલે ઓટોમોબાઈલ કંપનીઓ પણ પોતાના પ્રોડક્શન અને ડિલિવરી નેટવર્કને વધુ ઝડપી બનાવવા માટે કવાયત હાથ ધરી રહી છે.

### કોંગ્રેસે નિષ્પક્ષ તપાસ અને કાર્યવાહીની માંગ કરી

# ચૂંટણી સમયે ગુજરાત પોલીસે ભાજપના કાર્યકર્તાઓની જેમ વર્તન કર્યું : કોંગ્રેસ

## ગુજરાત કોંગ્રેસના અમિત ચાવડા સહિતના દિગ્ગજ નેતાઓના પ્રતિનિધિમંડળે ગાંધીનગરમાં રાજ્ય પોલીસ વડા પાસે રજૂઆત કરી

ગાંધીનગર, તા.૨૧

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ રાજ્યમાં રાજકીય માહોલ વધુ ગરમાયો છે. કોંગ્રેસના પ્રતિનિધિમંડળે આજે ગાંધીનગર ખાતે રાજ્ય પોલીસ વડા સમક્ષ રજૂઆત કરીને પોલીસ તંત્ર અને ભાજપ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો કે ચૂંટણી દરમિયાન તેમજ પરિણામો બાદ કેટલાક જિલ્લાઓમાં પોલીસ વિભાગે નિષ્પક્ષ કામગીરી કરવાની જગ્યાએ ભાજપના કાર્યકર્તાઓની જેમ વર્તન કર્યું છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાના નેતૃત્વમાં ગયેલા પ્રતિનિધિમંડળે જણાવ્યું હતું કે, જ્યાં કોંગ્રેસને તાલુકા અને જિલ્લા પંચાયતોમાં બહુમતી મળી છે ત્યાં કોંગ્રેસના ચૂંટાયેલા પ્રતિનિધિઓને ડરાવવા, ધમકાવવા અને ભાજપને સમર્થન આપવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. કોંગ્રેસે ખાસ કરીને દ્વારકા, તાપી, આણંદ અને બનાસકાંઠા જિલ્લાઓના ઉલ્લેખ સાથે અનેક પ્રતિનિધિઓને માનસિક અને રાજકીય દબાણનો સામનો કરવો પડી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું કે, આવનારી ૨૩ અને ૨૫મી તારીખે તાલુકા તથા જિલ્લા પંચાયતોની સામાન્ય સભાઓ યોજાવાની છે. તે પહેલાં કોંગ્રેસના સભ્યોને પોતાની રાજકીય વફાદારી બદલવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. કેટલાક સ્થળોએ પોલીસ તંત્રનો ઉપયોગ કરીને કોંગ્રેસના સભ્યોમાં ભયનું વાતાવરણ ઊભું કરવામાં આવી રહ્યું હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે. અમિત ચાવડાએ મીડિયા સાથેની વાતચીત દરમિયાન કહ્યું કે લોકશાહી પદ્ધતિથી ચૂંટાયેલા પ્રતિનિધિઓને રાજકીય રીતે પ્રભાવિત કરવા માટે તંત્રનો ઉપયોગ થવો ખૂબ જ ગંભીર બાબત છે. તેમણે આરોપ લગાવ્યો કે વડોદરાના આશિષ જોશી સામે ખોટો કેસ નોંધવામાં આવ્યો છે અને વિરોધી અવાજોને દબાવવા માટે કાયદાકીય દબાણ લાવવામાં આવી રહ્યું છે.કોંગ્રેસે રાજ્ય પોલીસ વડાને માગ કરી છે કે સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને જો કોઈ અધિકારી રાજકીય દબાણ હેઠળ કામ કરતો હોય તો તેની સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. પાર્ટીએ જણાવ્યું કે પોલીસ તંત્રએ કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી નિભાવવી જોઈએ, કોઈ રાજકીય પક્ષના હિતમાં કાર્ય કરવું નહીં. કોંગ્રેસના પ્રતિનિધિમંડળે વધુમાં ચેતવણી આપી કે જો કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોને ડરાવવાની અને દબાણમાં લેવાની પ્રવૃત્તિ ચાલુ રહેશે તો પાર્ટી આગામી દિવસોમાં રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરશે. રાજ્યના રાજકીય વર્તુળોમાં આ રજૂઆત બાદ નવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

### ટ્રમ્પે સાઉદી અને યુએઈની વાત માની

# હજ યાત્રાના કારણે ટળ્યું મોટું વિશ્વયુદ્ધ!

## અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન પર ભયાનક હુમલો કરવા માટે ૧૯ મેએ નિર્ણય લેવાના હતા

તેહરાન, તા.૨૧

સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (UAE)ના કારણે અમેરિકા અને ઈરાન વચ્ચે થનારું વિશ્વયુદ્ધ અટકી ગયું હોવાના અહેવાલો સામે આવ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર ભયાનક હુમલો કરવા માટે ૧૯ મેએ નિર્ણય લેવાના હતા, જોકે સાઉદી અને યુએઈની એક વાત માની ટ્રમ્પે વાતચીતના રસ્તા પર આવી ગયા છે.મધ્ય-પૂર્વના મીડિયા રિપોર્ટ મુજબ, સાઉદી અને યુએઈએ અમેરિકાને કહ્યું છે કે, હાલ હજ યાત્રા ચાલી રહી છે, તેથી વિશ્વના અનેક દેશોના મુસ્લિમો સાઉદી આવશે. જો હાલ યુદ્ધની શરૂઆત થશે તો સ્થિતિ બગડી શકે છે. તેના કારણે લાખો લોકો સાઉદીમાં ફસાઈ જશે.સાઉદી અરેબિયાએ અમેરિકન રાષ્ટ્રપ્રમુખને કહ્યું કે, જો હજ યાત્રા સમયે યુદ્ધ કરવામાં આવશે તો અરબ દેશોના મુસ્લિમોમાં અમેરિકાની છબી ખરડાશે. રિપોર્ટ મુજબ ૨૪ મેથી હજ યાત્રાની શરૂઆત થશે, જે છ દિવસ સુધી ચાલશે. હજ યાત્રામાં વિશ્વમાંથી લગભગ ૧૦ લાખ મુસ્લિમો આવવાનો અંદાજ છે. તેણે એવું પણ કહ્યું છે કે, જો અમેરિકા ઈરાન પર હુમલો કરશે તો ઈરાન વળતો જવાબ આપવા માટે રિયાદ અને અબૂધાબીમાં હુમલો કરી શકે છે.સાઉદી અરેબિયાની સમાચાર ચેનલ અલ અરબિયાના રિપોર્ટ મુજબ, હજ પહેલા પરમાણુ સમજૂતી કરાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. કતારે અમેરિકાનો પ્રસ્તાવ ઈરાનને મોકલ્યો છે. તેમાં કામચલાઉ સમજૂતી કરાવવાનો ઉલ્લેખ કરાયો છે. જો આ સમજૂતી થઈ જશે તો પછી હજ બાદ વિગતવાર સમજૂતી માટે અમેરિકા-ઈરાન વચ્ચે બેઠક યોજવામાં આવશે.અમેરિકા અને ઈઝરાયલે રમઝાન મહિનામાં ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યો હતો. ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા ખામેનેઈની હત્યા પણ રમઝાન મહિનામાં કરાઈ હતી. એટલું જ નહીં, બંને દેશોએ ઈદના દિવસે પણ ઈરાન પર હુમલા ચાલુ રાખ્યા હતા. જોકે હવે ઈરાને મજબૂત લડત આપીને હોર્મુઝ જળમાર્ગ બંધ કરી દીધો છે, ત્યારપછી અમેરિકાએ સમજૂતીને પહેલ કરી હતી.

### અમદાવાદમાં તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચશે

# રાજયમાં આકરી ગરમી વચ્ચે ૪ જિલ્લામાં વરસાદની આગાહી

## ગીર સોમનાથ, અમરેલી, નવસારી, ડાંગ અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે. આગામી એક સપ્તાહ સુધી લોકો અંગ દઝાડતી ગરમીનો સામનો કરશે તેવી આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ તરફથી ફૂંકાતા ગરમ પવનોને કારણે તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે અને લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી રહ્યા છે. અમદાવાદમાં આજે તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. બુધવારે અમદાવાદ રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું હતું, જ્યાં મહત્તમ તાપમાન ૪૩.૭ ડિગ્રી નોંધાયું હતું. ગરમીના કારણે બપોરના સમયે રસ્તાઓ સૂમસામ જોવા મળી રહ્યા છે અને લોકો ઘર બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

ક્યાં કેટલું તાપમાન નોંધાયું?

અમદાવાદ ૪૩.૭
કંડલા એરપોર્ટ ૪૩.૩
અમરેલી ૪૩.૧
રાજકોટ ૪૩
સુરેંદ્રનગર ૪૨.૮
ગાંધીનગર ૪૨.૩
ડીસા ૪૧.૪
ભુજ ૪૦.૮
વડોદરા ૪૦.૨
ભાવનગર ૪૦.૨

એક તરફ ગરમીનો કહેર યથાવત છે તો બીજી તરફ હવામાન વિભાગે વરસાદની આગાહી પણ કરી છે. આવતીકાલથી રાજયના કેટલાક વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવવાની શક્યતા છે. કાલે ગીર સોમનાથ, અમરેલી, નવસારી, ડાંગ અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ૨૩ મેના રોજ ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગર જિલ્લામાં વરસાદ વરસી શકે છે.આ ઉપરાંત નવસારી, તાપી, ડાંગ, વલસાડ અને દાદરા નગર હવેલી વિસ્તારમાં પણ વાદળછાયું વાતાવરણ રહેશે અને છુટછવાયા વરસાદનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. ગરમી વચ્ચે વરસાદની આગાહીને કારણે લોકોને થોડોક રાહતનો અનુભવ થઈ શકે છે.સામાન્ય રીતે ચોમાસુ ૧ જૂનની આસપાસ કેરળ પહોંચે છે, પરંતુ આ વખતે તે ૨૬ મે, ૨૦૨૬ સુધીમાં કેરળના કિનારે થોડો વહેલો પહોંચવાની ધારણા છે. IMD અનુસાર, આ તારીખ ૨૨ મે અને ૨૬ મે વચ્ચેની આવી શકે છે, કારણ કે આ આગાહીઓ ૪ દિવસમાં ફેરફાર થઈ શકે છે. ૨૦૨૫ માં, ચોમાસુ ૨૪ મે ના રોજ કેરળ પહોંચ્યું હતું, જે તાજેતરના વર્ષોમાં સૌથી વહેલા આગમનમાંનું એક છે. હાલમાં, ચોમાસુ આંદામાન અને નિકોબાર ટાપુઓ અને બંગાળની ખાડીના કેટલાક ભાગોને પાર કરી ગયું છે. હવામાનશાસ્ત્રીઓ કહે છે કે આ વખતે ચોમાસુ વહેલું આવી શકે છે, પરંતુ તેની શરૂઆત ખૂબ મજબૂત અને વ્યવસ્થિત હોવાની અપેક્ષા નથી. સ્કાયમેટ વેધરના સ્થાપક અને અધ્યક્ષ જતીન સિંહના જણાવ્યા અનુસાર, "ચોમાસાની શરૂઆત નબળી અને અસંગઠિત હોવાની શક્યતા છે. ભારતમાં અર્થપૂર્ણ ચોમાસાનો વરસાદ સામાન્ય રીતે જૂનમાં શરૂ થાય છે."

### પવિત્ર તીર્થધામ તુલશીશ્યામ સહિતનાં વિસ્તારમાં

# અમરેલીનાં વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા ચકલીનાં માળાનુ વિતરણ કરાયુ

## દાતાઓનાં આયોજન ટીમે આભાર માન્યો



અમરેલી, તા. ૨૧

અમરેલી વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ એનિમલ હેલ્પ લાઈનની ટીમ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ અમરેલી જિલ્લાના જંગલ વિસ્તારમાં આવેલ પવિત્ર દેવસ્થાન તુલસીશ્યામ, તેમજ તેમના નેસડા, વાંકુ ની ધાર, વીર માંગડા વાળાની જગ્યા સહિત અનેક વિસ્તારોમાં જઈ મુંગા પક્ષીઓ માટે ચકલીના માળા અને પાણીના કુંડા બાંધી સેવા કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું.

આ કાળઝાળ ગરમીમાં નિરાધાર પક્ષીઓ અને મુંગા જીવો તરસ્યા ન રહે તેવા શુભ હેતુથી કરાયેલ આ સેવા કાર્યમાં સહયોગ આપનાર તમામ દાતાઓ તેમજ સેવા સાથે જોડાયેલ દરેક સેવાભાવી મિત્રોનો ટીમનો સદસ્યાઓએ ટીમનો આભાર માન્યો હતો.

આ કાર્યમાં દિવ્યરાજભાઈ, રોનકભાઈ, ગોવિંદભાઈ, રવીભાઈ, મેઘરાજભાઈ, ધનરાજભાઈ, બેનબા, ધવલભાઈ, પુજાબા પ્રશાંતભાઈ ચુડાસમાએ ઉપસ્થિત રહી ભારે ગરમીમાં પણ નિસ્વાર્થ ભાવથી મુંગા જીવો માટે સેવા આપી હતી.

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાનાં ખેડૂતો અને ટ્રાન્સપોર્ટરને

ગૃહિણીઓને પડતી મુશ્કેલીઓ અંગે આવેદનપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ડીઝલની અછત અને વધતા ટ્રાન્સપોર્ટ ખર્ચના કારણે શાકભાજી, અનાજ, ખાદ્યતેલ અને દૂધ જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચી રહ્યા છે. મોંઘવારીને નિયંત્રિત કરવા માટે ઈંધણ પરનો વેટ અને સેસ ઘટાડવાની તેમજ દરેક જિલ્લામાં પ્રાઈસ કંટ્રોલ અને મોનિટરિંગ સ્કવોડ કાર્યરત કરવાની માંગ કરવામાં આવી હતી.

આ પ્રસંગે નિકુંજ સાવલિયાએ જણાવ્યું હતું કે, સરકાર જો તાત્કાલિક અને અસરકારક પગલાં નહીં ભરે તો રાજયનું અર્થતંત્ર અને સામાન્ય જનજીવન વધુ મુશ્કેલીમાં મુકાઈ જશે. સરકાર જનતાના પ્રશ્નોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી યુદ્ધના ધોરણે ઉકેલ લાવે તેવી આમ આદમી પાર્ટીની માંગ છે.

આ તકે આમ આદમી પાર્ટીના સંગઠનના હોદ્દેદારો, કાર્યકરો તેમજ સ્થાનિક ખેડૂત આગેવાનો અને ખેડૂત મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સરકાર સમક્ષ જનહિતના પ્રશ્નોના તાત્કાલિક નિરાકરણની માંગ ઉઠાવી હતી.

સંકુલ B.Sc.-M.Sc. કોલેજ
માઈક્રોબાયો - બાયોટેક - બાયોકેમ
સંકુલ B.A.-M.A. કોલેજ
ઈંગ્લીશ - સાયકોલોજી - સોસીયોલોજી
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
Ad 229

### પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલામાં બાબરીયાધારનાં યુવકની

પરમાર પર લોખંડનાં પાઈપ અને કુહાડી વડે હુમલો કર્યો હતો.

આ હુમલામાં હર્ષદ વિપુલભાઈ પરમારને માથા સહિત શરીરનાં ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતાં તેને તાત્કાલિક સારવાર માટે પ્રથમ સાવરકુંડલા અને વધુ સારવાર માટે અમરેલી ત્યાંથી રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે સારવાર દરમિયાન હર્ષદ પરમારનું મોત નિપજતાં પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

પ્રારંભિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ પૂર્વરોષ અને પૈસાની લેતીદેતીનાં મુદ્દે હુમલો કર્યો હતો. ઘટનાની જાણ થતાં સાવરકુંડલા પોલીસ કાફલો તાત્કાલિક દોડી ગયો હતો અને સમગ્ર મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસે હત્યાનાં ગુનામાં મુખ્ય આરોપી જગદીશ પરમારની ધરપકડ કરી લીધી છે, જયારે આ ઘટનામાં સંડોવાયેલા અન્ય દયાબેન જગદીશ પરમાર સહિત ત્રણ આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

આ બનાવને પગલે બાબરીયાધાર તથા સાવરકુંડલા વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પોલીસ દ્વારા આરોપીઓની પૂછપરછ સાથે ઘટનાની વધુ તપાસ આગળ ધપાવવામાં આવી છે.

### પાના ૮ ઉપરનું ચાલું ધારીમાં અમરેલી માર્ગ ઉપર

સર્જી વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. જો કે ધારી પોલીસે આસપાસના સી.સી.ટી.વી. ફૂટેજના આધારે તપાસ હાથ ધરી અમરેલીના વાહન ચાલક સલીમ મોગલને ઝડપી પાડયો છે. અકસ્માતના સીસીટીવી ફૂટેજ સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

ધારી શહેરના અમરેલી રોડ પર ગઈકાલે વ્હેલી સવારે એક ગંભીર હિટ એન્ડ રનની ઘટના સામે આવી હતી. રોજની જેમ મોર્નિંગ વોક માટે નીકળેલા નિવૃત્ત મામલતદાર મોહનભાઈ કોરાટ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવી રહેલા કેરી ભરેલા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે મોહનભાઈ કોરાટનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. અકસ્માત બાદ વાહન ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં ધારી પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે અકસ્માત સ્થળ તેમજ આસપાસના વિસ્તારોના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસતા અકસ્માતની સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ હોવાનું સામે આવ્યું હતું.

સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે તપાસનો દોર આગળ વધારી અમરેલીના વાહન ચાલક સલીમ મોગલને ઝડપી પાડી વધુ પૂછપરછ શરૂ કરી છે. બીજી તરફ અકસ્માતના સીસીટીવી ફૂટેજ સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં લોકોમાં ભારે ચર્ચા જાગી છે. હિટ એન્ડ રનની આ ઘટનાને લઈને ધારી પંથકમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

### ધારાસભ્ય મહેશ કસવાલાનાં નેતૃત્વમાં

# અરે વાહ : સાવરકુંડલા પાલિકાનાં પ્રમુખ સહિતનાં પદાધિકારીઓએ ચાર્જ સંભાળ્યો

## પદાધિકારીઓએ શહેરનાં વિકાસની ખાત્રી આપી



સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા–લીલીયા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સક્ષમ નેતૃત્વ અને પ્રેરક માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા નગરપાલિકાના નવનિયુકત પદાધિકારીઓનો પદગ્રહણ સમારોહ ભારે ઉત્સાહ, ઉમંગ અને ગૌરવપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે શહેરભરમાંથી પ્રચંડ જનમેદની ઉમટી પડી હતી.

જોગીદાસ બાપુ ખુમાણ નગરસેવા સદન (નગરપાલિકા કચેરી) ખાતે આયોજિત આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં તમામ નવનિયુક્ત પદાધિકારીઓએ શાસ્ત્રોક્ત વિધિથી વિધિવત રીતે પોતાનો કાર્યભાર સંભાળ્યો હતો. જેમાં : પ્રમુખ નયનાબેન કાપડિયા, ઉપપ્રમુખ : નુતનબેન તન્ના, ચેરમેન : જીગ્નેશભાઈ ટાંક, દંડક : અરવિંદભાઈ મેવાડા, શાસક પક્ષના નેતા : દિનેશભાઈ રાઠોડ ચાર્જ સંભાળતાની સાથે જ તમામ પદાધિકારીઓએ એકસૂરે જણાવ્યું હતું કે, તેઓ પ્રજાલક્ષી કાર્યો માટે ૨૪ કલાક જાગૃત રહેશે અને સ્થાનિક સમસ્યાઓનો ત્વરિત ઉકેલ લાવી સાવરકુંડલાના સર્વાંગી વિકાસને નવી ઊંચાઈ પર લઈ જશે.

આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ નવી ટીમને અંતઃકરણપૂર્વકની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, આ નવી ઊર્જાવાન અને સક્ષમ ટીમ સંગઠનની શક્તિથી પ્રજાના હિતમાં શ્રેષ્ઠ પરિણામો આપશે અને વિકાસ કાર્યોને વધુ ગતિશીલ બનાવશે.

આ ઐતિહાસિક પ્રસંગે સંગઠનના તમામ હોદ્દેદારો, નગરપાલિકાના સદસ્યઓ, વિવિધ પક્ષોના કાર્યકર્તાઓ, રાજકીય આગેવાનો, વેપારી મંડળોના પ્રતિનિધિઓ, શિક્ષક સંઘ, સામાજિક–ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ તેમજ નગરપાલિકાના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત જનમેદનીએ નવા પદાધિકારીઓને પુષ્પગુચ્છ આપીને ઉત્સાહભેર શુભેચ્છાઓ પાઠવી હતી.

### નાવલી પ્રિમિયર લીગ સીઝન–રનો ભવ્ય શુભારંભ

# સાવરકુંડલા શહેરની મહિલા ક્રિકેટ ખેલાડીઓની બે ટીમ દ્વારા પ્રથમ મેચ રમી ટુર્નામેન્ટનો પ્રારંભ

## નાવલી પ્રિમિયર લીગ સીઝન–ર લોકપ્રિયતાના કારણે ટોક ઓફથી ટાઉન બની



સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા ખાતે ક્રિકેટ પ્રેમીઓ માટે આયોજિત પ્રીમીયમ લીગ સીઝન–ર (NPL)નો ભવ્ય શુભારંભ લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તથા પૂજય જયવીરનાથ બાપુના હસ્તે કરવામાં આવ્યો.

સાવરકુંડલા વિધાનસભા વિસ્તારમાંથી કુલ ૪૮ ટીમો આ ક્રિકેટ મહાકુંભમાં ભાગ લઈ રહી છે. ટૂર્નામેન્ટ પ્રારંભ પ્રસંગે સૌપ્રથમ દીપ પ્રાગટય કરી મહાનુભાવોના હસ્તે નવલી પ્રીમીયર લીગ સીઝન–રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રાથમિક દિવસ સાવરકુંડલા શહેરની મહિલા ક્રિકેટ ખેલાડીઓની બે ટીમ દ્વારા પ્રથમ મેચ રમી આ ટુર્નામેન્ટનો પ્રારંભ કર્યો હતો. આ ટૂર્નામેન્ટ વિવિધ ટીમો વચ્ચે રોમાંચક મુકાબલાઓ શરૂ થયા છે. આયોજકો દ્વારા ખેલાડીઓ તથા દર્શકો માટે પ્રશસ્ત વ્યવસ્થા અને ઉત્તમ આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર વિસ્તારમાં રમતગમત પ્રત્યે નવી ઉર્જા અને ઉત્સાહ ફેલાય તેવા હેતુ સાથે આ ક્રિકેટ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ચેરમેન દીપકભાઈ માલાણી, શહેર ભાજપ પ્રમુખ અનિરૂધ્ધસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નયનાબેન કાપડીયા, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા તેમજ સાવરકુંડલા નગરપાલિકા હોદ્દેદારો સભ્યઓ, જિલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયત સભ્યો, ભાજપ સંગઠનના હોદ્દેદારો તથા સાવરકુંડલા વિધાનસભાના ક્રિકેટ પ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી ખાતે શ્રી રવિશંકરજીનાં ૭૦માં જન્મદિને ધ્યાન સમારોહ યોજાયો



અમરેલી, તા. ૨૧

અમરેલીનાં કિસાન ફાર્મ ખાતે વિશ્વની સૌથી મોટી આધ્યાત્મિક સંસ્થા "આર્ટ ઓફ લિવિંગ" ના સ્થાપક શ્રી રવિશંકરજીનાં ૭૦માં જન્મદિવસ નિમિત્તે દિવ્ય સત્સંગ ગુરૂપજા ઈન્ટયુશન ડેમો ધ્યાન જ્ઞાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આર્ટ ઓફ લિવિંગ પરિવારજનો, આગેવાનો, મહાનુભાવો તથા નાગરિકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવી હતી. કાર્યક્રમ દરમિયાન ગુરૂદેવનાં જીવનમૂલ્યો, માનવસેવા, યોગ, ધ્યાન અને જીવનમાં સકારાત્મકતા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને ગુરૂજીનાં ૭૦ વર્ષ પૂર્ણ થવા નિમિતે ૭૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ કર્યો હતો. ગુરૂદેવનાં જન્મદિવસની ઉજવણી ઈન્ટુસન કરેલ ૪૫ બાળકોનાં હસ્તે કેક કાપી સૌહાર્દપૂર્ણ અને આધ્યાત્મિક માહોલ વચ્ચે ઉજવણી કરવામાં આવી. અમરેલી અને આસપાસનાં ગામડાઓ માંથી બાળકો, યુવાનો અને વડીલો ભાઈઓ બહેનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા જેને સફળ બનાવવા એફટીસી હોલ ટીમ અમિતભાઈ, હરેશભાઈ, મયુરભાઈ સાગઠીયા, ઉમેશભાઈ, દિવ્યકાંતભાઈ, ભરતભાઈ, શોભિનીબેન, ભાવિનાબેન, બેનાબેન, નિલેશભાઈ, નશીતભાઈ, ભાવિનભાઈ, નિકિતભાઈ, રામભાઈ, નિલેશભાઈ રાઠોડ, શારદાબેન, વૈશાલીબેન, સંગમભાઈ, શ્યામભાઈ, રાજુભાઈ તોગડિયા, અનુબેન, જોષીભાઈ, ધાર્મિકભાઈ, આદિત્ય, કાવ્ય, મેહુલભાઈ ચાવડા, વિરલભાઈ, બિનતલબેન, અને વોલેન્ટરી ટીમ અને ટીચર ટીમ ઉમેશભાઈ દુધાત, કાનનબેન, રાઘવભાઈ ટીમ જહેમત અને સંકલન દ્વારા સફળતા પૂર્વક ઉજવણી કરવામાં આવી.

### પાના ૮ ઉપરનું ચાલું "ઠેબી જળાશય"ની માવજત તો કરો

જળાશય હોય ત્યાં દર બે–પાંચ વર્ષે પથ્થર બદલાવવા કે પાળાની માટી લગાવવાની હોય છે. પરંતુ, અમરેલી સિંચાઈ વિભાગમાં અધિકારીઓની જગ્યા ખાલી હોવાથી ઠેબી જળાશયની મરામત નિયત સમયે થતી નથી અને માત્ર ૨ થી ૩ કરોડ રૂપિયામાં બ્લેક સ્ટોન અને માટી લાગી શકે તેમ હોવા છતાં નાણાનો અભાવ, અધિકારીઓની અણઆવડત અને જનપ્રતિનિધિઓની નિષ્ક્રીયતાથી ઠેબી જળશયની મરામત થતી નથી.

શાસકો ધારકો રાજકોટ જતાં માર્ગની ગોળાઈ નજીક ઠેબી જળાશયમાં રીવફ્રન્ટ પણ બની શકે તેમ છે અને શહેરીજનોને એક ફરવાનાં સ્થળ ની સુવિધા મળી શકે તેમ છે. પણ શાસકોને આ બાબત કેમ ધ્યાનમાં આવતી નથી તે સમજાતું નથી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૫૪૫ |
| ૨ | શિંગદાણા | ૧૮૮૦ | ૧૯૨૫ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૬૧૫ | ૧૮૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૧૯૫ | ૨૪૪૦ |
| ૫ | તલ કાળા | ૨૨૦૦ | ૩૫૫૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૧૭૯૦ | ૨૨૬૫ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૪૭૫ |
| ૮ | જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૧૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૨૫ | ૪૮૦ |
| ૧૧ | મકાઈ | ૨૫૫ | ૨૫૫ |
| ૧૨ | મગ | ૧૪૦૦ | ૧૭૬૦ |
| ૧૩ | અડદ | ૧૫૫૫ | ૧૫૫૫ |
| ૧૪ | ચણા | ૮૫૦ | ૧૧૩૫ |
| ૧૫ | ચણા દેશી | ૧૦૪૫ | ૧૦૯૫ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૫૦ | ૧૧૩૫ |
| ૧૭ | છોલે ચણા | ૧૦૯૦ | ૧૧૨૫ |
| ૧૮ | તુવેર | ૯૩૦ | ૧૫૭૦ |
| ૧૯ | વાલ | ૧૨૫૫ | ૧૬૪૫ |
| ૨૦ | કપાસ | ૧૧૯૦ | ૧૯૮૫ |
| ૨૧ | એરંડા | ૧૧૦૦ | ૧૨૯૦ |
| ૨૨ | જીરૂ | ૨૩૬૦ | ૩૭૫૦ |
| ૨૩ | રાય | ૯૦૦ | ૧૪૪૦ |
| ૨૪ | ગમ ગુવાર | ૯૭૫ | ૯૭૫ |
| ૨૫ | ધાણા | ૧૮૦૦ | ૨૩૧૫ |
| ૨૬ | ધાણી | ૧૯૫૦ | ૨૩૯૫ |
| ૨૭ | મેથી | ૯૨૦ | ૧૨૭૦ |
| ૨૮ | સોયાબીન | ૧૪૪૫ | ૧૫૩૦ |
| ૨૯ | કલોંજી | ૧૦૫૦ | ૩૧૭૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૦ | ૧૯૪૧ |
| ૨ | મગફળી | ૧૨૩૬ | ૧૫૦૦ |
| ૩ | ચણા | ૧૦૮૧ | ૧૧૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૮૨૧ | ૨૧૦૩ |
| ૫ | તલ કાળા | ૩૦૦૧ | ૩૨૯૯ |
| ૬ | તુવેર | ૧૨૫૦ | ૧૨૫૧ |
| ૭ | ધાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૮ | બાજરો | ૪૫૦ | ૪૫૦ |
| ૯ | મગ | ૧૬૦૧ | ૧૬૮૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૪૦ | ૧૫૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૦ | ૧૪૧૦ |
| ૩ | શીંગ નવી | ૧૨૫૦ | ૧૬૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૯૫૦ | ૨૩૫૦ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | ૩૪૮૧ |
| ૬ | જીરૂ | ૨૨૪૦ | ૩૬૫૦ |
| ૭ | કપાસ | ૧૬૦૦ | ૨૦૩૬ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | ૫૨૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૯૪૦ |
| ૧૨ | મકાઈ | ૪૦૦ | ૪૪૦ |
| ૧૩ | મગ | ૧૫૫૦ | ૧૭૪૨ |
| ૧૪ | અડદ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ૧૫ | ચણા | ૧૦૮૦ | ૧૧૪૦ |
| ૧૬ | દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૩૦ |
| ૧૭ | તુવેર | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ૧૮ | એરંડી | ૧૨૦૦ | ૧૨૪૫ |
| ૧૯ | મેથી | ૧૨૦૦ | ૧૩૩૫ |
| ૨૦ | રાય/રાયડો | ૧૧૫૫ | ૧૨૦૩ |
| ૨૧ | ધાણા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૨૨ | સોયાબીન | ૧૩૫૦ | ૧૫૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૨૦ | ૨૦૦૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૫૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૮૦ | ૧૩૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૪૫ | ૨૨૨૫ |
| ૫ | તલ કાળા | ૨૯૬૦ | ૩૨૩૦ |
| ૬ | જીરૂ | ૨૯૩૦ | ૩૮૨૦ |
| ૭ | ચણા | ૧૧૧૦ | ૧૧૪૦ |
| ૮ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૯ | એરંડા | ૧૦૯૦ | ૧૨૦૦ |
| ૧૦ | મગ | ૧૪૪૦ | ૧૬૨૦ |
| ૧૧ | તુવેર | ૧૧૬૫ | ૧૪૧૫ |
| ૧૨ | ધાણા | ૧૫૮૫ | ૨૪૬૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૩૯૦ | ૪૬૪ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૪૬૧ |
| ૩ | ચણા | ૧૦૨૦ | ૧૧૦૧ |
| ૪ | ધાણા | ૨૦૫૫ | ૨૩૧૦ |
| ૫ | ચણા સફેદ | ૧૦૧૧ | ૧૦૨૬ |
| ૬ | તલ સફેદ | ૧૮૯૫ | ૨૨૪૨ |
| ૭ | મગફળી | ૧૧૦૦ | ૧૩૬૦ |
| ૮ | મેથી | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૯ | સોયાબીન | ૧૦૦૦ | ૧૪૭૧ |
| ૧૦ | શીંગફાડા | ૧૮૬૦ | ૧૮૬૦ |
| ૧૧ | તુવેર | ૧૦૦૦ | ૧૧૫૨ |
| ૧૨ | જુવાર | ૫૯૫ | ૫૯૫ |
| ૧૩ | તલ કાળા | ૨૧૦૦ | ૩૧૦૦ |
| ૧૪ | મગ | ૧૫૫૫ | ૧૭૦૦ |
| ૧૫ | જીરૂ | ૨૮૬૦ | ૨૮૬૦ |
| ૧૬ | કલોંજી | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ૧૭ | રાય | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૧૮ | શીંગદાણા | ૧૯૮૦ | ૧૯૮૦ |
| ૧૯ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૨૦ | લસણ | ૮૯૫ | ૮૯૫ |
| ૨૧ | કાંગ | ૫૨૫ | ૫૨૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૫૫ | ૧૩૭૮ |
| ૨ | ઘઉં | ૪૨૧ | ૪૫૧ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૧૫ |
| ૪ | તુવેર | ૧૦૫૦ | ૧૪૫૧ |
| ૫ | ધાણા | ૨૨૬૫ | ૨૩૫૦ |
| ૬ | તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૨૫ |
| ૭ | તલ કાળા | ૨૬૬૦ | ૩૨૧૧ |
| ૮ | મગ | ૧૪૪૯ | ૧૫૫૫ |
| ૯ | શીંગ ફાડા | ૧૪૪૦ | ૧૭૫૦ |
| ૧૦ | એરંડા | ૧૨૧૫ | ૧૨૪૧ |
| ૧૧ | બાજરો | ૩૮૦ | ૩૮૦ |
| ૧૨ | મેથી | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૩ | સોયાબીન | ૧૪૫૧ | ૧૪૫૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૪૦૧ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૩૦ |
| ૩ | તલ કાળા | ૧૦૦૦ | ૩૨૯૨ |
| ૪ | કપાસ | ૧૧૨૫ | ૧૮૬૦ |
| ૫ | બાજરો | ૩૦૨ | ૫૨૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૦૦ |
| ૭ | જુવાર | ૩૫૧ | ૯૭૮ |
| ૮ | મગ | ૧૫૮૬ | ૧૬૦૦ |
| ૯ | તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૦ | ચણા | ૧૦૦૦ | ૧૦૯૧ |
| ૧૧ | મેથી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૧૨ | રાય | ૧૧૦૧ | ૧૧૦૧ |

### ODI World Cup 2027 પહેલા ટીમ ઇન્ડિયાની ચિંતા વધી

# રોહિત શર્મા અને હાર્દિક પંડ્યાની ફિટનેસને લઈને શંકા

## સિલેક્ટર્સ આગામી વર્ષે સાઉથ આફ્રિકામાં યોજાનાર વનડે વર્લ્ડ કપ માટે રોડમેપ તૈયાર કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.૨૧

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન રોહિત શર્મા અને ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાના આઈસીસી વનડે વર્લ્ડ કપ રમવાને લઈને સવાલો ઊભા થયા છે. સિલેક્ટર્સ આગામી વર્ષે સાઉથ આફ્રિકામાં યોજાનાર વનડે વર્લ્ડ કપ માટે રોડમેપ તૈયાર કરી રહ્યા છે. રોહિત શર્મા અને હાર્દિક પંડ્યાની ફિટનેસને લઈને શંકા છે. બંનેને ફિટનેસના આધાર પર અફઘાનિસ્તાન સામેની ત્રણ મેચમાં પસંદ કરવામાં આવ્યાં છે, પરંતુ અહેવાલ અનુસાર BCCI તેને લઈને ચિંતામાં છે.

ભારત અને અફઘાનિસ્તાન ટેસ્ટ અને વનડે સીરિઝ માટે ભારતીય ટીમની જાહેરાત થઈ ચૂકી છે. આ પહેલા એક મિટિંગ થઈ અને તેમાં પ્લેયર્સની ઈજા તેમજ ફિટનેસને લઈને પણ ચર્ચા કરવામાં આવી. હકીકતમાં આ બેઠક માત્ર ભારત અને અફઘાનિસ્તાન સીરિઝ માટે જ ટીમની પસંદગી કરવાને લઈને નહોતી. બીસીસીઆઈ તરફથી વનડે વર્લ્ડ કપ ૨૦૨૭ માટે એક રોડમેપ બનાવવાની તૈયારી પણ કરવામાં આવી રહી છે. આ દરમિયાન રોહિત શર્મા અને હાર્દિક પંડ્યાને લઈને લાંબી ચર્ચા થઈ.

રોહિત શર્મા અને હાર્દિક પંડ્યાને અફઘાનિસ્તાન સામે વનડે સીરિઝ માટે પસંદ કરવામાં આવ્યાં છે, પરંતુ બીસીસીઆઈએ તેને લઈને એક શરત પણ રાખી છે. જો તેઓ ફિટ હશે, તો જ રમી શકશે. આ વચ્ચે એક રિપોર્ટ સામે આવ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, બીસીસીઆઈ એ શરતને લઈને ચિંતિત છે કે, શું આ બંને ખેલાડી ૫૦ ઓવરની મેચ રમવા માટે તૈયાર છે. હાર્દિક પંડ્યાને તો વનડેમાં ૧૦ ઓવર સુધી બોલિંગ પણ કરવી પડી શકે છે. બંને ખેલાડી હાલ જે ટી૨૦ લીગ ચાલી રહી છે, તેમાં ઘણી મેચ મિસ કરી ચૂક્યા છે. રોહિત શર્મા જ્યારે પરત આવ્યો તો ઈમ્પેક્ટ પ્લેયર તરીકે આવ્યો. એટલે કે તેણે માત્ર બેટિંગ કરી, ફીલ્ડિંગ દરમિયાન મેદાનમાં આવ્યો નહીં. પરંતુ જ્યારે વનડે મેચ રમાશે, તેમાં ઈમ્પેક્ટ પ્લેયરનો નિયમ નથી હોતો. બેટિંગ સિવાય ખેલાડીને ૫૦ ઓવર સુધી મેદાન પર રહેવું પડે છે. એવામાં તે વર્ષ ૨૦૨૭માં રમાનાર વર્લ્ડ કપ સુધી કેવી રીતે ફિટ રહેશે, તે કહેવું મુશ્કેલ છે.

રિપોર્ટમાં બીસીસીઆઈના સૂત્રના હવાલેથી કહેવામાં આવ્યું છે કે, રોહિત સેન્ટર ઓફ એક્સિલેન્સમાં નહોતો ગયો, જો કે રોહિતે પોતાનો વજન ઓછો કર્યો છે. પરંતુ છતાં પણ તેની ફિટનેસને લઈને સવાલ ઉઠી રહ્યાં છે. માનવામાં આવી રહ્યું છે કે, કદાચ એટલા માટે જ વનડે ટીમમાં ઈશાન કિશનને પણ સામેલ કરવામાં આવ્યો છે.

આમ તો જો બધુ ઠીક રહ્યું તો રોહિત શર્મા અને કેપ્ટન શુભમન ગિલ ઈનિંગની શરૂઆત કરશે, પરંતુ જો રોહિત ફિટ ન થયો તો ઈશાન કિશન ઓપનિંગ માટે વિકલ્પ છે. જો કે યશસ્વી જયસ્વાલ પણ આ જગ્યાએ આવી શક્યો હોત, પરંતુ તે ટેસ્ટ ટીમમાં છે, એટલા માટે તેને પસંદ કરવામાં આવ્યો નહીં.

### હવે આશ્રમમાંથી કરશે રાજકારણ

# પ્રશાંત કિશોરે એક આશ્રમમાં રહેવા જવાની જાહેરાત કરી

## તેઓ ત્યાં સુધી આશ્રમમાં રહેશે, જ્યાં સુધી આગામી વિધાનસભા ચૂંટણીમાં જન સુરાજ પાર્ટી પોતાની જગ્યા બનાવી ન લે

પટણા, તા.૨૧

જન સુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે બુધવારે પટણા બહારના એક આશ્રમમાં રહેવા જવાની જાહેરાત કરી છે. તેઓ ત્યાં સુધી આશ્રમમાં રહેશે, જ્યાં સુધી આગામી વિધાનસભા ચૂંટણીમાં જન સુરાજ પાર્ટી પોતાની જગ્યા બનાવી ન લે. દરભંગામાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું કે, હું મંગળવારે પટણાના મારા જૂના આવાસમાંથી બહાર નીકળી ગયો છું અને હવે આઈઆઈટી-પટણા નજીક આવેલ બિહાર નવનિર્માણ આશ્રમ મારું નવું સરનામું હશે. મને આશા છે કે ચૂંટણી સુધીમાં મારી પાર્ટી પ્રભાવ પાડી શકશે.I-PACના સહ-સ્થાપક પ્રશાંત કિશોરે ૨૦૨૪માં જન સુરાજ પાર્ટીની સ્થાપના કરી હતી, અને પોલિટિકલ કન્સલ્ટન્સી છોડી દીધી હતી. તેઓ અત્યાર સુધી શેખપુરા હાઉસથી કાર્યરત હતા, જે પટણા એરપોર્ટ નજીક આવેલો એક મોટો બંગલો છે અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ સાંસદ ઉદયસિંહના પરિવારનો છે. ઉદયસિંહ એક જાણીતા રાજકીય પરિવારમાંથી આવે છે, તેમના ભાઈ એન.કે. સિંઘ ૧૫માં નાણાં પંચના ભૂતપૂર્વ અધ્યક્ષ રહી ચુક્યા છે અને તેમની માતા માધુરી સિંઘ કોંગ્રેસના વરિષ્ઠ નેતા હતા.

JD(U)ના પૂર્વ ઉપાધ્યક્ષ પ્રશાંત કિશોરે પૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમાર પર તીખો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે, ચૂંટણી પછી જે વ્યક્તિ મુખ્યમંત્રી બન્યા, તે આર્થિક તંગીના કારણે થતા પલાયનને રોકી શક્યા નહીં, એટલું જ નહીં પણ તેણે પોતે જ પલાયન કરવું વધુ યોગ્ય માન્યું. તેમણે ઉમેર્યું કે નીતિશ કુમારે તેમના પુત્ર નિશાંત કુમારને રાજકારણમાં ગોઠવવાની ખાતરી કરી લીધી છે, જે હવે મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના નેતૃત્વ હેઠળની બીજેપી સરકારમાં જોડાયા છે. આ ઉપરાંત, તેમણે બિહારના મતદારોને જાતિ, ધર્મ કે પૈસાના લાલચના આધારે વોટ આપવાના બદલે પોતાના હિતોને પ્રાથમિકતા આપવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે, લોકોએ વોટ આપતા સમયે પોતાના બાળકોના ભવિષ્ય વિશે વિચારવું જોઈએ.પ્રશાંત કિશોરે પશ્ચિમ એશિયાના હાલાતથી ઉદભવતા આર્થિક પડકારો અંગે પણ ચેતવણી આપી છે. તેમનો દાવો છે કે ઈંધણની કિંમતોમાં વધારો થઈ શકે છે અને ખાતરની અછતની સમસ્યા પણ ગંભીર બની શકે છે. આ ઉપરાંત, તેમણે સરકારી ખર્ચ અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. ખાસ કરીને, મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીની ટીકા કરતા તેમણે કહ્યું કે બિહાર દેશના સૌથી ગરીબ રાજ્યોમાંનું એક હોવા છતાં અહીં ફિજુલ ખર્ચા કરવામાં આવી રહ્યા છે.

# ખેતીલાયક જમીનને રસાયણમુક્ત રાખવી જરૂરી, બાયો-ઈનપુટસ જમીનમાં સેન્દ્રિય પદાર્થોમાં વધારો કરે છે

અમરેલી, તા.૨૧

રાજયને ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી યુક્ત બનાવવા માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજયભરમાં પ્રાકૃતિક કૃષિ અન્વયે મિશન મોડમાં પ્રયાસો શરૂ છે, રાજયમાં પ્રાકૃતિક કૃષિ અપનાવતા ખેડૂતોની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.રાજય સરકાર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ અને તેની વિવિધ પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ વિશેનું વ્યાપક માર્ગદર્શન રાજયપાલ આચાર્ય દેવવ્રતજી લિખિત પુસ્તક 'પ્રાકૃતિક કૃષિ'માં પણ આપવામાં આવ્યું છે.

પ્રાકૃતિક કૃષિમાં બાયો–ઈનપુટ્સનું મહત્વ શું છે ? બાયો–ઈનપુટ્સ થકી ખેતીની જમીનને મજબૂત બનાવવામાં મદદ મળે છે. બાયો–ઈનપુટ્સ એ ફાયદાકારક સજીવો અથવા છોડમાંથી મેળવેલા કુદરતી અર્કમાંથી બનાવેલ ઉત્પાદનો છે. બેકટેરિયા, ફૂગ, વાયરસ અને જંતુઓ, જેનો ઉપયોગ જીવાતોને નિયંત્રિત કરવા અથવા છોડના વિકાસને પ્રોત્સાહન આપવા માટે કૃષિ ઉત્પાદનમાં થઈ શકે છે તે એવા ઉત્પાદનો છે જે પર્યાવરણમાં ઝેરી અવશેષો છોડતા નથી. સાથે તેના ઉપયોગથી ખેડૂતો અને ગ્રાહકોના સ્વાસ્થ્ય માટે કોઈ ખતરો નથી.

ભારત કુદરતી રીતે ઉપલબ્ધ વિવિધ કાર્બનિક પોષક તત્વોથી સમૃધ્ધ પ્રદેશ છે. પ્રાકૃતિક ખેતીમાં ઘણી મદદ કરે છે. કૃષિમાં ઉત્પાદન વધારવા માટે બાયોપેસ્ટીસાઈડ્સ અને બાયોફર્ટિલાઈઝર્સની ઉપયોગિતા ઘણા વર્ષોથી જાણીતી છે. જમીનમાં સુક્ષ્મજીવાણુ દ્વારા નાઈટ્રોજન ફિક્સેશન કરવાથી અને ખેતરના અવશેષોનો ઉપયોગ કરીને ખેતરમાં નાઈટ્રોજનને રિસાયકલિંગ કરવાથી જમીનની ગુણવત્તામાં સુધારો થાય છે. આ પ્રાકૃતિક ખેતીની ઓછા બાહ્ય ખર્ચની મુખ્ય પદ્ધતિ છે.

બાયો–ઈનપુટ્સનું મહત્વ : બાયો–ઈનપુટ્સ જમીનમાં સેન્દ્રિય પદાર્થોમાં વધારો કરે છે. બાયો–ઈનપુટ્સના બે પ્રકાર છે : (૧) પાકને પોષક તત્વો પૂરા પાડવા માટેના બાયો–ઈનપુટ્સ અને (૨) રોગ, જીવાત નિયંત્રણ માટેના બાયો–ઈનપુટ્સ. બાયો–ઈનપુટ્સના અનેક ફાયદાઓ છે, (૧) જમીનની રચનામાં સુધારો થાય છે, (૨) જૈવિક પ્રવૃત્તિઓમાં વધારો નોંધાય છે, (૩) પાણીની સંગ્રહ શકિતમાં વધારો થાય છે. (૪) જમીનના ખેડાણની પ્રક્રિયામાં ઘટાડો થાય છે, (૫) પાકના આરોગ્યમાં ધરખમ સુધારો થાય છે. (૬) પાકને જીવાતો અને રોગોથી બચાવવામાં પણ અગત્યની ભૂમિકા ભજવે છે, (૭) ખેતીની જમીનની ગુણવત્તા જાળવવા માટે કૃષિ બાયો–ઈનપુટ્સ મહત્વપૂર્ણ ભાગ છે.રાજયના ખેડૂતોમાં આ અંગે જાગૃત્તિ આવે અને તેઓ પ્રાકૃતિક કૃષિ માટે આગળ આવે તો કૃષિક્ષેત્રે અનેક સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે. રસાયણમુકત ખેતી થતાં જમીનની ક્ષમતામાં પણ વધારો થશે.

### બાંદા સતત ત્રીજા દિવસે દેશનું હોટેસ્ટ શહેર

# હીટવેવમાં શેકાતું જનજીવન, વીજમાંગ ચરમસીમાએ પહોંચી

## દિલ્હીમાં રિજ બેઝ સ્ટેશન ૪૫.૮ ડિગ્રી સાથે શહેરનું સૌથી ગરમ સ્થળ : શ્રીગંગાનગર ૪૬.૫ ડિગ્રીએ ભઠ્ઠી બન્યું

નવી દિલ્હી, તા.૨૧

બુધવારે ઉત્તર ભારતમાં ભીષણ ગરમીનો પ્રકોપ જારી રહ્યો હતો. ઉત્તર પ્રદેશનો બાંદા શહેર ૪૮ ડિગ્રી સેલ્સિયસ સાથે સતત ત્રીજા દિવસે દેશનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. બાંદા શહેરનું આ તાપમાન સામાન્યથી ૪.૫ ડિગ્રી વધારે હતું. ગરમીની વચ્ચે દેશમાં વીજળીની માંગ બુધવારે રેકોર્ડ ૨૬૫.૪૪ ગીગા વોટ પર પહોંચી ગઈ હતી. તેણે મંગળવારે બનાવેલા પાછલા રેકોર્ડને પણ પાછળ છોડી દીધો હતો. ગરમીને કારણે એર કન્ડીશનરનો ઉપયોગ વધતા વીજળીની માંગ સતત વધી રહી છે. દિલ્હીમાં રિજ બેઝ સ્ટેશન પર મહત્તમ તાપમાન ૪૫.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. જેના કારણે આ દિલ્હીનું સૌથી ગરમ સ્થળ બની ગયું હતું. સફદરગંજ હવામાન કેન્દ્રમાં મહત્તમ તાપમાન ૪૪.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.

ઉત્તર પ્રદેશનાં હવામાન વિભાગે હજુ પણ આગામી એક સપ્તાહ સુધી અનેક વિસ્તારો માટે ભીષણ લૂની એલર્ટ જારી કરી છે. આગામી ત્રણ દિવસ સુધી યલો એલર્ટ અને ત્યારબાદ ઓરેન્જ એલર્ટની ચેતવણી જારી કરવામાં આવી છે. આ ચેતવણી લૂ અને ભીષણ લૂની સ્થિતિને ધ્યાનમાં રાખી તથા રાતે પણ ગરમી જળવાઈ રહેવાની આશંકાને ધ્યાનમાં રાખીને જારી કરવામાં આવી છે. રાજસ્થાનમાં શ્રીગંગાનગર ૪૬.૫ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું છે. રાજ્યનાં હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર રાજ્યનાં મોટા ભાગનાં વિસ્તારોમાં ભીષણ ગરમીનો પ્રકોપ જારી રહ્યો હતો. પંજાબ અને હરિયાણામાં પણ ભીષણ લૂનો પ્રકોપ જારી રહ્યો હતો. જ્યાં તાપમાન ૪૭ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. હરિયાણાનાં રોહતકમાં મહત્તમ તાપમાન ૪૬.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. પંજાબનાં બથિન્ડા મહત્તમ તાપમાન ૪૬.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.પર્વતીય રાજ્ય હિમાચલમાં પણ લૂ જેવી સ્થિતિ જોવા મળી રહી છે. જ્યાં મેદાની વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. પર્વતોની રાણી તરીકે ઓળખાતા શિમલામાં દિવસનાં સમયે તાપમાન ૩૦.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું.ઉત્તરાખંડમાં પણ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધવામાં આવ્યું હતું. મેદાની વિસ્તાર દેહરાદૂનમાં મહત્તમ તાપમાન ૪૦.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. પર્વતીય વિસ્તાર નવી ટિહરીમાં તાપમાન ૨૯.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. તેલંગણામાં પણ તાપમાન ઝડપથી વધી રહ્યું છે. એલાપુરમાં ૪૫.૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. રાજ્યનાં અન્ય વિસ્તારોમાં પણ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધારે નોંધવામાં આવ્યું હતું.

### સાયબર ઠગો પર Appleની સર્જિકલ સ્ટ્રાઈક

# ૨૦૨૫માં ૧૮ હજાર કરોડનું ફ્રોડ ટ્રાન્ઝેક્શન રોક્યું, લાખો યુઝર્સ બચ્યા

## કંપનીએ દાવો કર્યો છે કે કાર્યવાહીના પરિણામે લાખો યુઝર્સ ઓનલાઇન નાણાકીય છેતરપિંડીનો ભોગ બનતા બચી ગયા

નવી દિલ્હી, તા.૨૧

ટેક જગતની સૌથી મોટી કંપનીઓમાની એક Appleએ એક મોટો ખુલાસો કરતા જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૫ દરમિયાન તેણે પોતાના App Store પર અંદાજે ૨.૨૨ બિલિયન ડોલર એટલે કે અંદાજે રૂ.૧૮ હજાર કરોડ રૂપિયાના ફ્રોડ ટ્રાન્ઝેક્શન અટકાવ્યા છે. કંપનીએ દાવો કર્યો છે કે આ કડક કાર્યવાહીના પરિણામે લાખો યુઝર્સ ઓનલાઈન નાણાકીય છેતરપિંડીનો ભોગ બનતા બચી ગયા છે.

Appleના સત્તાવાર અહેવાલ અનુસાર, છેલ્લા છ વર્ષમાં કંપનીએ App Store પર કુલ ૧૧.૨ બિલિયન ડોલરથી વધુના શંકાસ્પદ અને ફ્રોડ ટ્રાન્ઝેક્શન રોકવામાં સફળતા મેળવી છે. ઉલ્લેખનીય છે કે, વર્તમાન સમયમાં App Store વિશ્વના ૧૭૫ દેશોમાં કાર્યરત છે અને દર અઠવાડિયે અંદાજે ૮૫ કરોડથી વધુ લોકો તેનો ઉપયોગ કરે છે, જેના કારણે યુઝર્સની સુરક્ષા સુનિશ્ચિત કરવી કંપની માટે મોટો પડકાર છે. કંપનીએ સ્પષ્ટતા કરી છે કે પ્લેટફોર્મ પર ઉપલબ્ધ ફેક એપ્સ, નકલી રિવ્યૂ, સ્પેમ મેસેજ અને પેમેન્ટ ફ્રોડ સામે લડવા માટે અદ્યતન AI આધારિત સિસ્ટમની સાથે હ્યુમન એક્સપર્ટ્સ પણ ચોવીસ કલાક કાર્યરત છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન Appleએ ૯૧ લાખથી વધુ એપ સબમિશનની ઝીણવટભરી ચકાસણી કરી હતી, જેમાંથી સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ૨૦ લાખથી વધુ એપ્સના સબમિશન રદ કરવામાં આવ્યા હતા.

સાયબર ગુનેગારો દ્વારા બોટ નેટવર્ક અને નકલી એકાઉન્ટ્સના માધ્યમથી App Storeના રેંકિંગમાં હેરફેર કરવાના અસંખ્ય પ્રયાસો કરવામાં આવ્યા હતા. જોકે, Appleની સિક્યોરિટી સિસ્ટમે વર્ષ ૨૦૨૫ દરમિયાન આવા ૧.૧ બિલિયન એટલે કે ૧૧૦ કરોડ નકલી એકાઉન્ટ્સ બનાવવાની કોશિશને પણ બ્લોક કરીને નિષ્ફળ બનાવી દીધી હતી.

એપ ડેવલપર્સ દ્વારા યુઝર્સ સાથે થતી છેતરપિંડી અંગે ચોંકાવનારો ખુલાસો કરતા Appleએ જણાવ્યું કે, પ્લેટફોર્મ પરથી ૫૯ હજારથી વધુ એપ્સને દૂર કરવામાં આવી છે. આ એવી એપ્સ હતી જે શરૂઆતમાં સામાન્ય ગેમ અથવા યુટિલિટી એપ તરીકે મંજૂરી મેળવી લેતી હતી, પરંતુ એપ સ્ટોર પર લાઈવ થયા બાદ તે યુઝર્સ સાથે નાણાકીય છેતરપિંડી કરતા ફ્રોડ પ્લેટફોર્મમાં ફેરવાઈ જતી હતી.

# ધારી ખાતે પ્રાકૃતિક ખેતી તથા ચોમાસું ઋતુમાં ખાતરનાં સંતુલિત ઉપયોગ અંગે તાલીમ યોજાઇ



અમરેલી, તા.૨૧

અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ધ્વારા ધારી તાલુકાનાં ખેડૂત ઉત્પાદક સંગઠન (એફપીઓ) ખાતરનાં કાર્યક્ષમ ઉપયોગ અંતર્ગત ખેડૂત તાલીમનું આયોજન થયેલ. જેમાં ભાવનાબેન ગોંડલીયા ધ્વારા ખેડૂતોને આધુનિક કૃષિ પધ્ધતિઓ તથા ખરીફ ઋતુ પહેલા બિયારણ ખરીદતી વખતે તકેદારી રાખવીએ વિશે વાત કરી. આ ઉપરાંત કેવીકેનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. મિનાક્ષી કે. બારીયા ધ્વારા જમીન અને પાણીનાં પૃથ્થકરણ વિશે સમજાવ્યું તથા ખાતરનો સંતુલિત ઉપયોગ કરવાથી જમીનની ઉપજાઉ શકિત જળવાઈ રહે છે અને પાકનું ઉત્પાદન પણ વધે છે એ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા. જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં જૈવિક ઉત્પાદનનાં વેચાણ જેવા કે, ગીર સાવજ, ટ્રાયકોડમાં એક લાભદાયક ફુગ જે જમીન જન્ય રોગ માટે ઉપયોગી છે અને બ્યુવેરીયા જીવાણુંજન્ય ફુગ જે જૈવિક જીવાત નિયંત્રણ માટે ઉપયોગી છે તથા પ્રાકૃતિક ખેતીનાં આયામો વિશે ડો. સ્વેતાબેન પટેલ વિષય નિષ્ણાંતે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું.




### ગોવિંદા બ્યુટી પેજન્ટ ઇવેન્ટમાં પહોંચ્યા હતા

# મુંબઈમાં આયોજિત એક ઇવેન્ટ બાદ ગોવિંદાની સિક્યોરિટી ટીમ અને ફોટોગ્રાફર્સ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી થઇ

## અમે પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છીએ, સરકારના તમામ વિભાગો એક ટીમ તરીકે કામ કરી રહ્યા છે

મુંબઈ, તા.૨૧

બોલિવૂડનો દિગ્ગજ અભિનેતા ગોવિંદા એક કાર્યક્રમ બાદ અચાનક જ વિવાદમાં ફસાઈ ગયો છે. મુંબઈમાં આયોજિત એક ઈવેન્ટ બાદ ગોવિંદાની સિક્યોરિટી ટીમ અને ફોટોગ્રાફર્સ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી થઈ હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થઈ રહ્યો છે અને નેટીઝન્સનું ધ્યાન ખેંચી રહ્યો છે. કેટલાય મીડિયા રિપોર્ટ્સમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે આ હોબાળા બાદ સુપરસ્ટારે માફી માંગી હતી. જોકે, ગોવિંદાના મેનેજર શશિ સિંહાએ આ તમામ અહેવાલોને નકારી કાઢીને અસલી હકીકત જાહેર કરી છે.અભિનેતાના મેનેજર શશિ સિંહાએ વાયરલ થઈ રહેલા અહેવાલો પર સત્તાવાર નિવેદન આપતા તમામ દાવાઓને પાયાવિહોણા ગણાવ્યા છે. એક રિપોર્ટ અનુસાર સિંહાએ પ્રશ્ન કર્યો હતો કે, "આ સમગ્ર ઘટનામાં ગોવિંદાની કોઈ ભૂલ જ નહોતી, તો પછી તેઓ માફી શું કામ માંગે?"તેમણે ઘટનાની વિગત આપતા આગળ ઉમેર્યું કે, "ગોવિંદા એક બ્યુટી પેજન્ટ ઈવેન્ટમાં ચીફ ગેસ્ટ તરીકે હાજરી આપવા ગયા હતા. ઈવેન્ટ પૂરી થયા બાદ ફોટોગ્રાફર્સ એક રિસ્ટ્રિક્ટેડ એરિયામાં ઘૂસીને તેમનો ઈન્ટરવ્યુ લેવાનો આગ્રહ કરી રહ્યા હતા. સિક્યોરિટી સ્ટાફ માત્ર પોતાની ફરજ બજાવી રહ્યો હતો અને ભીડને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરતો હતો."ગોવિંદાની સિક્યોરિટી ટીમનો બચાવ કરતા મેનેજરે જણાવ્યું હતું કે, આવા ભીડભાડવાળા જાહેર કાર્યક્રમોમાં હાજર દરેક વ્યક્તિને ઓળખવી સિક્યોરિટી ગાર્ડ્સ માટે શક્ય નથી હોતી. તેમણે કહ્યું, "આવા પ્રોગ્રામ્સમાં ભારે ભીડ હોય છે, તેથી સુરક્ષાકર્મીઓને હંમેશા એ ખબર નથી હોતી કે કઈ વ્યક્તિ કોણ છે. તેમણે પ્રતિબંધિત વિસ્તારમાં આવતા એક વ્યક્તિને રોક્યો હતો, જેના કારણે બંને વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ ગઈ હતી. આવા મોટા કાર્યક્રમોમાં આવી બાબતો સામાન્ય છે." તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે ઘણી વખત સુરક્ષાના કારણોસર તેમને પોતાને પણ સિક્યોરિટી ગાર્ડ્સ રોકતા હોય છે. જ્યારે સુરક્ષાકર્મીઓ માત્ર પોતાનું કામ કરી રહ્યા હતા, ત્યારે આ બાબતને ખોટો રંગ આપીને હંગામો મચાવવાનો કોઈ અર્થ નથી.ગોવિંદા તાજેતરમાં જ મુંબઈમાં આયોજિત 'મિસીસ ઈન્ડિયા ક્વીન - પેહચાન મેરી સીઝન ૪'ના ગ્રાન્ડ ફિનાલેમાં મુખ્ય અતિથિ તરીકે પહોંચ્યો હતો. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ જ્યારે ગોવિંદા હોલની બહાર નીકળ્યો, ત્યારે ફોટોગ્રાફર્સ તેની તસવીરો ખેંચવા અને બાઈટ લેવા માટે તેમની આસપાસ જમા થઈ ગયા હતા.આ અફરાતફરી અને ભારે ભીડ વચ્ચે, ગોવિંદાને સુરક્ષિત બહાર કાઢવા માટે એક સિક્યોરિટી ગાર્ડે કથિત રીતે એક ફોટોગ્રાફરને ધક્કો મારી દીધો હતો. આનાથી નારાજ થઈને તે ફોટોગ્રાફરે તુરંત પ્રતિક્રિયા આપતા આક્રોશ સાથે કહ્યું, "તમે આ શું કરી રહ્યા છો? મને હાથ કેમ લગાવી રહ્યા છો?" જોકે, આ સમગ્ર હંગામા દરમિયાન પણ ગોવિંદા અત્યંત શાંત રહ્યો હતો અને તેણે પરિસ્થિતિ સંભાળતા તે ફોટોગ્રાફરને પોતાનો 'દોસ્ત' કહીને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો.

## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **કિશોરકુમાર એમ. પાઠક, (એડવોકેટ–નોટરી) રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદીર રોડ, લીલીયા મોટા,** તે મારા અસીલ ખેતીની જમીન ખરીદનારની સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતાને જાણ કરવાની કે...

અમરેલી જિલ્લાના **લીલીયા તાલુકા**ના મોજે : **બોડીયા** ગામની રેવન્યુ ખાતા નં :– ૬૨૮ ની નીચે મુજબની રેવન્યુ રેકર્ડની ખેતીની જમીનો આવેલ છે. તે ખેતીની જમીનો અમારા અસીલ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ લેવા (ખરીદવા) માંગે છે. જે જમીનોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નામ / ધારણકર્તા | સર્વે નંબર | જુનો સ.નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | નરેશભાઈ ભુરાભાઈ પાંચાણી | | ૫૪ પૈકી ૧ | ૨–૨૮–૧૯ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીનો સબંધે કે તેના કબ્જા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ – ભાગ, હક્ક–હિસ્સો, બક્ષીસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને ઉપર આપેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે દીન–૦૭ (સાત)માં જાણ કરવી, જો સમય મર્યાદામાં જાણ કરવામાં ન આવે તો કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી તેમ માનીને આપનો હક્ક જતો એટલે કે વેવ કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ ઉપર આપેલ વ્યકિતઓ પાસેથી અમારા અસીલના નામે કરાવી આપીશું. ત્યારબાદ કોઈના વાંધા તકરાર અમારા અસીલના હક્ક, હીત, હીસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓ એ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**તારીખ : ૨૧/૦૫/૨૦૨૬** **તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**

**રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયામોટા,**
**મો. ૯૪૨૭૪ ૨૯૫૯૦**
**૯૮૨૪૬ ૬૧૫૦**

**કિશોરકુમાર એમ.પાઠક**
(એડવોકેટ એન્ડ નોટરી)
ગુજરાત હાઈકોર્ટ

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ
- તદ્દન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન ક્લાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૩૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી

મેડિક્લેઈમ સુવિધા તથા GSRTC (ST) માન્ય હોસ્પિટલ
આયુષ્માન કાર્ડ અને PGVCL ના કર્મચારીઓ માટે કેશલેસ સારવાર ઉપલબ્ધ
કાર્યરત વિભાગો
યુરોલોજી વિભાગ (કિડની - પથરી - પ્રોસ્ટેટ)
ગાયનેક અને આઈ.વી.એફ વિભાગ (સ્ત્રી રોગ)
મેડીસીન વિભાગ (ફિઝિશિયન)
બાળરોગ વિભાગ (પીડીયાટ્રીક્સ)
આંખ વિભાગ
ઈ.એન.ટી વિભાગ (કાન-નાક-ગળા)
ઓર્થોપેડિક વિભાગ (હાડકા-સ્નાયુ-સાંધા)
જનરલ સર્જરી વિભાગ
ડાયાલિસીસ વિભાગ
લેબોરેટરી વિભાગ
આયુર્વેદ વિભાગ
ફિઝીયોથેરાપી વિભાગ
24/7 Emergency Services
GUVNL
NABH
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૯૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## અમરેલીનાં પાદરમાં આવેલ ઠેબી જળાશયનાં પથ્થર કે માટી બદલવાની મરામત થતી નથી

# કરોડો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ "ઠેબી જળાશય"ની માવજત તો કરો

રાજય સરકારની તિજોરી નાણાથી ફાટફાટ થતી હોય છતાં ઠેબી જળાશય માટે નાણાની ફાળવણી થતી નથી

માત્ર ૨ થી ૩ કરોડ રૂપિયામાં પથ્થર લગાવવા કે પાળાની માટી બદલી શકાય તેમ છે

જળાશયને વાયબ્રન્ટ બનાવવામાં આવે તો શહેરનું પ્રવેશદ્વાર દીપી ઉઠી શકે તેમ છે

સિંચાઈ વિભાગ દ્વારા આ મામલે ધારાસભ્ય, સાંસદ કે સિંચાઈ મંત્રીનું ધ્યાન દોરવામાં આવે તેવી માંગ



અમરેલી, તા. ૨૧

અમરેલીનાં પાદર સમા વિસ્તારમાં જનતા જનાર્દનનાં હજારો કરોડો રૂપિયાનાં ખર્ચથી ૩ દાયકા પહેલા તૈયાર થયેલ "ઠેબી જળાશય"માં વર્ષોથી બ્લેક પથ્થર બદલવવામાં આવ્યા નથી કે નથી પાળા ઉપર માટી લગાવવામાં આવી અને કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલ સરકારી મિલ્કત અધિકારીઓની અણઆવડત અને પદાધિકારીઓની નિષ્ક્રીયતાથી અવાવરૂ અવસ્થામાં આવી ગઈ છે.

અમરેલીનાં દોઢ લાખ જેટલી જનતાની પીવાનાં પાણીની તરસ બુઝાવવા માટે ૩ દાયકા પહેલા રાજકોટ તરફથી અમરેલીનાં પ્રવેશદ્વાર સમાન વિસ્તારમાં ઠેબી જળાશયનું નિર્માણ કરવામાં આવેલ અને નિર્માણ સમયે શહેરીજનોમાં અનહદ ખૂશીનો માહોલ ઉભો થયેલ અને દર રવિવારે શહેરીજનો ટોળે વળતા હતા અને આજે પણ શહેરીજનો દર રવિવારે મોટી સંખ્યામાં "ઠેબી જળાશય" ઉપર ફરવા જતાં હોય છે.

સામાન્ય રીતે કોઈપણ અનુસંધાન પાના ૬ ઉપર

## નાણાની લેતી-દેતી બાબતે માથાકુટ થયા બાદ

# સાવરકુંડલામાં બાબરીયાધારનાં યુવકની હત્યા કરનાર આરોપીની અટકાયત કરાઈ

### અન્ય આરોપીઓની પોલીસે શોધખોળ આદરી

અમરેલી, તા. ૨૧

સાવરકુંડલા ગામે ગત તા. ૧૫નાં રોજ પૈસાની લેતીદેતી મામલે મામ-ફઈનાં ભાઈ વચ્ચે થયેલી ઉગ્ર



બોલાચાલી બાદ મામલો હિંસક બની જતા રાજુલા તાલુકાનાં બાબરીયાધાર ગામનાં એક યુવકની નિર્મમ હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટનામાં સાવરકુંડલા પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરી મુખ્ય આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજુલા તાલુકાનાં બાબરીયાધાર ગામે રહેતો હર્ષદ પરમાર પોતાની પત્ની સાવરકુંડલા ગામે રીસામણે હોય તેણીને તેડવા માટે સાવરકુંડલા આવ્યો હતો. આ દરમિયાન પૈસાની બાબતે આ યુવક અને ફઈનાં દીકરા જગદીશ પરમાર સહિતનાં વચ્ચે બોલાચાલી અને માથાકૂટ સર્જાઈ હતી. મામલો ઉગ્ર બનતાં આરોપીઓએ હર્ષદ

અનુસંધાન પાના ૬ ઉપર

**અમરેલી એક્સપ્રેસ સમાચારો મોકલવા બાબત**

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ-મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

## ''ન જાણ્યુ જાનકી નાથે ઘડી પછી શું થવાનું છે''

# ધારીમાં અમરેલી માર્ગ ઉપર મોર્નિંગ વોકમાં નીકળેલ નિવૃત્ત મામલતદારનું વાહન હડફેટે આવી જવાથી મોત

### સીસીટીવી ફૂટેજનાં આધારે વાહનચાલકને ઝડપી લેવાયો



અમરેલી, તા. ૨૧

ધારીના અમરેલી રોડ પર ગઈકાલે વ્હેલી સવારે મોર્નિંગ વોક માટે નીકળેલા એક નિવૃત્ત મામલતદારને કેરી ભરેલા એક વાહને હડફેટે લેતા નિવૃત્ત મામલતદારનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. અકસ્માત

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૭૯૭૨

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
• Liaisonig Officer - 1
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
• Reporting Manager - 1
• Sales Co - Ordinator - 1
• Trainer - 1
Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)